**સુવિચાર**

જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા માટે વિવશ કરે છે તે પુસ્તક તમારા માટે સૌથી વધુ સહાયક નીવડે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૧૨/૨૦૨૩, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ માગસર સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૦૦૬


## વેપારીઓ, યાર્ડનાં સત્તાધીશો અને ખેડૂતો વચ્ચે સમાધાન માટે ધમધમાટ

# સાવરકુંડલા માર્કેટયાર્ડની હડતાલનો ઉકેલ હાથવેંતમાં

**સતત બીજા દિવસે હડતાલ યથાવત રહેતા ખેડૂતો માટે નાસ્તા, જમવાની અને સુવાની વ્યવસ્થા કરવામાં આવી**

**માર્કેટયાર્ડનાં ચેરમેન દીપક માલાણી અને વેપારી અગ્રણી રાજુભાઈ શિંગાળાએ મામલો હાથ પર લીધો**

**ખેડૂતો અને વેપારીઓ વચ્ચે વર્ષોથી વેપાર ચાલતો હોય લાંબી લડતથી બન્નેને નુકસાન**

**જો કે આગેવાનોની દરમિયાનગીરીથી અંતે ઘીનાં ઠામમાં ઘી પડી જશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી**







અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ખાતે આવેલ માર્કેટયાર્ડમાં ગઈકાલે શરૂ થયેલ હડતાલ આજે સતત બીજા દિવસે પણ ખેડૂતો અને વેપારી વચ્ચે સમાધાન ન થતાં એપીએમસીમાં હડતાલ શરૂ રહેતા અને એપીએમસીમાં હડતાલને પગલે યાર્ડમાં કામ કરતાં ૭૦૦ જેટલાં મજૂરો કામ વગર બેકાર બન્યા હતા. જયારે યાર્ડના સત્તાધીશો દ્વારા પણ વેપારીઓને સામે પણ કાર્યવાહી કરી અને વેપારીએ અગાઉ ખરીદેલ ખેત જણસોને માર્કેટયાર્ડ બહાર લઈ જવાની પાબંધી ફરમાવી દેતા મામલો હવે વધુ ગરમાયો છે. ત્યારે હવે એપીએમસીના ચેરમેન અને વેપારી વતી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ મધ્યસ્થી થવાનો પ્રયાસ શરૂ કરી માર્કેટયાર્ડના સત્તાધીશો અને વેપારી અગ્રણી વચ્ચે બેઠકનો દોર શરૂ થયો છે. ત્યારે વેપારી અને ખેડૂત વચ્ચે સમાધાન થાય તેવા પ્રયાસોને બંને પક્ષો દ્વારા આવકારેલ છે.

આ બનાવમાં સાવરકુંડલા ખાતે આવેલ માર્કેટયાર્ડમાં ગુરૂવારે એક ખેડૂત અને વેપારી વચ્ચે કોઈ બાબતે રકઝક થયા બાદ આ બાબતે ખેડૂતે એપીએમસીમાં ફરિયાદ કરતા માર્કેટ યાર્ડ દ્વારા રાધા રમણ ટ્રેડિંગના વેપારીને નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેના વિરોધમાં ગઈકાલે સાવરકુંડલાના વેપારીઓ દ્વારા જાહેર હરરાજી બંધ રાખવાના નિર્ણય કરી અને ખેત જણસની ખરીદ કરવાની વેપારીઓ દ્વારા ના પાડવામાં આવેલ હતી. જેથી ખેડૂતો ખેત જણસો લઈ સાવરકુંડલા એપીએમસીમાં આવેલા હોય, પરંતુ હરરાજી શરૂ ના થતાં ખેડૂતો પણ રોષિત બન્યા હતા.

ગઈકાલે શરૂ થયેલ સાવરકુંડલા માર્કેટની હડતાલ આજે સતત બીજા દિવસે પણ ખેડૂતો અને વેપારી વચ્ચે સમાધાન ન થતાં અને એપીએમસીમાં હડતાલ શરૂ રહેતા જેને પગલે એપીએમસીમાં કામ કરતાં યાર્ડના ૭૦૦ જેટલાં મજૂરો પણ કામ વગર બેકાર બન્યા છે. વેપારીઓ દ્વારા હરરાજી શરૂ નહીં કરવાના નિર્ણય સામે હવે યાર્ડના સત્તાધીશો દ્વારા વેપારીઓને સામે પણ કાર્યવાહી શરૂ કરી અને વેપારીએ અગાઉ ખરીદેલ ખેત જણસો જે માર્કેટ યાર્ડમાં હાલ પડેલ છે તે ખેતજણસને માર્કેટ યાર્ડની બહાર લઈ જવાની પાબંધી ફરમાવી દેતા મામલો હવે વધુ ગરમાયો છે.

ત્યારે સાવરકુંડલા માર્કેટ યાર્ડના સત્તાધીશો દ્વારા વેપારીઓને ખેતજણસને માર્કેટ યાર્ડની બહાર લઈ


**અનુસંધાન પાના ૬ ઉપર**



Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
ક્લિનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮



સાયન્સ સ્કૂલ માટે
પાર્ટનર જોઇએ છે
અમારી પ્રતિષ્ઠીત સ્કૂલમાં સક્ષમ પાર્ટનર જોઈએ છે.
સંપર્ક : 90759 35896






હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.






73000 51000




# ''અમરેલી એક્સપ્રેસ''નાં ૧૫ માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિત્તે ''બાલ એક્સપ્રેસ''નાં બાળકોએ શુભેચ્છા પાઠવી



અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ'' નો ૧૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ''બાલ એક્સપ્રેસ''નાં વાંચકોએ કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈને તંત્રી મનોજ રૂપારેલ અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી. આ તકે શિક્ષણવિદ બાળપ્રેમી રવજીભાઈ કાચા પડ ઉપસ્થિત રહ્યા હતા.

### વર્ષોથી ચાલતી મુંબઈ રેડીયો સેવા છીનવાઈ

## અમરેલી જિલ્લામાં શ્રમિક વર્ગોને વિવિધ ભારતી રેડીયોની સુવિધા છીનવાઈ

### જિલ્લાનાં રાજકીય આગેવાનો સુવિધા શરૂ કરાવે તેવી માંગ

અમરેલી, તા. ૧૬

હવેલીમાં તાતશ્રી બિરાજમાન હોય બાપુજી બિરાજમાન હોય, પિતાશ્રી બિરાજમાન હોય અને અમારા યુવાન મોટાભાઈ પણ બિરાજમાન હોય છતાં છોકરાઓ ચોકલેટ વગરનાં રહી જાય છે. અને બીજી કહેવત રસોડામાં દાદીમા, મતાશ્રી, ફઈ હોય છતાં છોકરાઓ ભુધયા અને ભુખ્યા રહ્યાં છે.

આ કહેવાતો હાલ કારીગર વર્ગમાં સાર્થક ઠરી રહી છે. કારણે સુચના પ્રસારણ મંત્રાલય દ્વારા દેશભરમાં ખુબ જ પ્રચલીત અને વર્ષોથી ચાલતી મુંબઈ વિવિધ ભારતી રેડીયો ચેનલ બંધ કરી દેવામાં આવે છે.

આ મુંબઈ વિવિધ ભારતી રેડીયો સ્ટેશન કોઈપણ કારણ વગર અચાનક જ દિવાળીનાં તહેવારોમાં બંધ કરી દેવામાં આવ્યું. તો રેડીયો પ્રેમી જનતાએ સતાધિશોને લાગતા વળગતાઓને લેખિતમાં જાણ કરવામાં આવેલ. પરંતુ તેમનો કોઈ પ્રત્યુત્તર આજદીન સુધી મળેલ નથી. મુંબઈ વિવિધ ભારતી રેડિયો સ્ટેશન આખા દેશમાં ટ્રાન્સફોર્મરથી દરેક રાજયોમાં રીલે થતું હતું. અને આ ટ્રાન્સફોર્મરોને લાખો રૂપિયાનાં ખર્ચે નખાવ્યા અને જે તે પ્રભારી મંત્રીઓનાં હાથે લાખો રૂપિયા ખર્ચીને ઉદ્‌ઘાટન કરાવ્યા તેની સામે રેડીયો પ્રેમી જનતાએ કરોડો રૂપિયાનાં રેડીયા વસાવ્યા. તો અચાનક બંધ કરીસ દેવાનું કારણ શું ? આ બધા રેડીયો અમારે કોને દેવા જાવા ?

અમો કારીગર વર્ગ માટે મનોરંજન માટે એક જ માધ્યમ હતું. તે પણ આ સરકારે અચાનક છીનવી લીધું.

વિવિધ ભારતી સ્ટેશનનાં બદલામાં અમદાવાદરેડીયો સ્ટેશન ચાલુ કરેલ છે. અમદાવાદ રેડીયો સ્ટેશન બાબતે જોવામાં આવે તો વગર એફ.એમ.એ ચોખ્ખું ઘણા વર્ષોથી વાગે છે તો અમે અમરેલી સહિતનાં દેશવાસીઓએ ૧૫૦૦ થી ૧૬૦૦ ની રકમના રેડીયા દુકાને અને ઘરે વસાવ્યા હોય ત્યારે આ મુંબઈ વિવિધ ભારતી સ્ટેશન બંધ કર્યું ત્યારે આ રેડીયા અમારે શું કરવાનું ? શું અમો રેડીયાપ્રેમી જનતાએ આવી જ રીતે વારંવાર હેરાન પરેશાન થતું રહેવાનું ?

આ બાબતે રેડીયાપ્રેમી લોકોએ કલેકટર, સાંસદ, ધારાસભ્ય એવમ નાયબ મુખ્ય ઉપદંડકને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છતાં આજદીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અમરેલીનાં રાજકીય માણસો જે તે સમયે ઘણા વર્ષોથી માથા પછાડી પછાડીને આ રેડીયો સ્ટેશન મંજુર કરવામાં આવેલ હતું અને એ તમે મુંબઈ વિવિધ ભારતી સ્ટેશન કયાં કારણોસર બંધ કરેલ છે ? શું અમરેલીની જનતાને બધી બાબતમાંથી વંચિત રાખવાની છે ? મુંબઈ વિવિધ ભારતી શરૂ કરવા માંગ છે. આ એફ.એમ.ની અંદર બીજી કોઈ ચેનલનો વધારો કરી શકો છો, જેમ કે રેડીયો મીર્ચી, એફ.એમ. ગોલ્ડ એવી ઘણી બધી ચેનલો આવે છે. પરંતુ મુંબઈ વિવિધ ભારતી સ્ટેશન બંધ થઈ જાય છે તે પણ ૨૪×૭ ચાલુ રાખવા વિનંતી છે, તેમજ ચેનલોનો વધારો કરવા અમારી હૃદયસ્થ માંગણી છે. આપણા દેશની રાષ્ટ્રીય ભાષા હિન્દી હોય તેમજ અમારે હિન્દી ભાષાના જ પ્રોગ્રામ સાંભળવા છે તેમજ મજુરવર્ગનાં લોકોને મનોરંજ બાબતે એક માધ્યમ હોય તે બાબતે અન્યાય કરવામાં આવે છે. જો આ બાબતે ઘટતું કરવામાં નહીં આવે તો આગામી ૨૦૨૪ માં રેડીયોપ્રેમી જનતા જવાબ દેવા તૈયાર છે.

## ભુરખિયા હનુમાન મંદિરે નેત્રનિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા.૧૬

શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે આગામી બુધવારે ૬૯ મો વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. લાભ લેવા અનુરોધ. માનવ સેવા એજ પ્રભુ સેવાના મંત્રથી રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર – મુંબઈના સહયોગથી તા.૨૦/૧૨/૨૦૨૩ને બુધવારે લાઠી તાલુકાના ભુરખીયા હનુમાનજી મંદિરે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી ), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સયુંકત ઉપક્રમે સવારના ૮ કલાકથી બપોરના ૧૨:૩૦ સુધી યોજાનાર વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી કેમ્પનો લાભ દર્દીઓએ આધાર – પુરાવા સાથે આવી જવું તેમ આયોજકોએ જણાવેલ છે.

## જામનગર ખાતે શીતલ પાર્લરનું મંગલ ઉદ્‌ઘાટન સંપન્ન





જામનગર, તા. ૧૬

તા. ૧૫/૧૨/૨૦૨૩ ને શુક્રવારે સવારે ૧૦ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદઘાટન પુષ્પાબેન મણીલાલ ચતવાણીનાં હસ્તે ૮, ઓચીંડ એવેન્યુ, આનંદબાગ પાસે, પટેલ કોલોની, જામનગર ખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે ડિમ્પલભાઈ રસીકભાઈ ચતવાણી, સંજયભાઈ રસીકભાઈ ચતવાણી, ભાવિકભાઈ ડિમ્પલભાઈ ચતવાણી (પાર્લર ઓનર) સંદિપભાઈ સોરઠીયા (શીતલ આઈસ્ક્રીમ ડીસ્ટ્રીબ્યુટર) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થિત રહયા હતા. તેવું શીતલ કુલ પ્રોડકટસ લીમીટેડ અમરેલીનાં ફ્રેન્ચાઈઝી હેડ દિપકભાઈ આર. જોષીની યાદીમાં જણાવામાં આવેલ છે.

## રાજુલા રેલ્વે વિભાગની કમિટીમાં વિવિધ વરણીઓ કરવામાં આવી

રાજુલા, તા. ૧૬

કેન્દ્ર સરકારના રેલવે વિભાગ દ્વારા રાજુલા શહેર જંકશન તેમજ સીટી રેલવે સ્ટેશનમાં વિવિધ વરણીઓ કરવામાં આવી હતી.

જેમાં રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા પ્રદેશ ભાજપના રવુભાઈ ખુમાણ, અમરેલી જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમૂખ વનરાજભાઇ વરૂ, કાનાભાઈ ગોહિલ, હરસુરભાઈ લાખનોત્રા, સાગરભાઇ સરવૈયા, પરેશભાઈ લાડુમોર, જીગ્નેશભાઈ ત્રિવેદી, જીગ્નેશભાઈ પટેલ, ગૌરાંગભાઈ મહેતા સહિતનાં દરેક સમાજના આગેવાનોને સાથે લઈ આ કમિટીની રચના કરવામાં આવી.

રાજુલા ડુંગર રોડ ઉપર આવેલ રેલવે ફાટકમાં અવારનવાર ટ્રાફિક સર્જાતો હોય તો તેની ઉપર અંડર બ્રિજ બનાવવામાં આવે. જેથી કરીને ડુંગર, કુંભારિયા, ખાંભલીયા, દેવકા, માંડળ, મોરંગી સહિતના ગામે જતા રાહદારીઓ તેમજ ખાનગી વાહન ચાલકોને ફાયદો થઈ શકે તેમ છે અવારનવાર ફાટક બંધ થઈ જવાનો પ્રશ્ન ઉભો થતો હોય છે ત્યારે આ નવા વરાયેલા સલાહકાર સમિતિના હોદ્દેદારો દ્વારા આ પ્રશ્ન ઉકેલવામાં આવે તેવી માંગણી થવા પામી છે.

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## લીલીયાનાં ગોઢાવદર ગામે બનેલ લુંટનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત

### આરોપી રાજુ બામણીયા વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૧૬

લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે બનેલ લુંટનાં ગુનામાં છ માસથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પોલીસ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધેલ છે.



વિગત એવા પ્રકારની છે કે ગત તા. ૭/૨/૨૦૨૩નાં રાત્રિનાં આશરે બારેક વાગ્યાનાં સમયે અશોકભાઈ મધુભાઈ ગજેરા, નામનાં ૫૬ વર્ષિય (રહે. ગોઢાવદર, તા. લીલીયા) પોતાની ગોઢાવદર ગામે ઉંડા કેડા તરીકે ઓળખાતી સીમમાં આવેલ વાડીએ ઘઉંમાં પાણી વાળવાનું કામ કરતા હોય તે દરમિયાન ત્રણ જેટલાં અજાણ્યા ઈસમોએ મોઢે બુકાની બાંધી પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા આવી, અશોકભાઈને લાકડાનાં ધોકા વડે આડેધડ માર મારી, ઈજા કરી રોકડા રૂા. ૧૭૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિ. રૂા. ૭૦૦૦ મળી કુલ રૂપિયા ૮,૭૦૦ ની લુંટ કરી, નાસી ગયેલ હોય, જે અંગે અશોકભાઈએ અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ લીલીયા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ–૩૯૨,૩૯૪, ૪૪૭,૧૨૦બી, ૩૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ હોય, જે ગુનામાં ગત તા. ૨૮/૭/૨૦૨૩ ના રોજ એલ.સી.બી. ટીમ દ્વારા બે આરોપીઓને કુલ રૂપિયા ૨૨,૦૦૦ના મુદામાલ સાથે પકડી પાડેલ હતા. આ બનાવમાં આરોપી રાજુ ગુમડાભાઈ બામનીયા નાસતો ફરતો હોય, આ આરોપી છેલ્લા ા૭ માસથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, મજકુર લીસ્ટેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે તા.૧૬/૧૨ના રોજ લીલીયા ગામેથી પકડી પાડી, આગળ ની કાર્યવાહી થવા લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### પૂર્વ ધારાસભ્ય સ્વ. મગનભાઈ રાણવાનાં સુપુત્ર અને

## અમરેલી જિલ્લા દલિત સમાજનાં અગ્રણી શાંતિલાલ રાણવાનાં લઘુબંધુ વિજયભાઈનું નિધન

### સોમવારે બપોરે ૨ થી સાંજના ૬ સુધી બેસણું યોજાશે

અમરેલી, તા. ૧૬

અમરેલીનાં વરૂડી ગામે સ્વ. ધારાસભ્ય મગનભાઈ રાણવાના સુપુત્ર અને જિલ્લા દલિત અગ્રણી, નિવૃત્ત વન અધિકારી શાંતિલાલ રાણવાના લઘુ બંધુ કુવાડવા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં કાઉન્સિલર તરીકે ફરજ બજાવતા



વિજયભાઈ રાણવાનું તા. ૧૫/૧૨/૨૩ના રોજ અચાનક હાર્ટ એટેકથી મૃત્યુ થતાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૮/૧૨/૨૩ ને સોમવારના રોજ સાંજે ૨ થી ૬ સુધી રાખવામાં આવેલ છે. તેમ શાંતિભાઈ રાણવાની યાદી જણાવે છે.

# સાજીયાવદર ખાતે નાયબદંડક કૌશિક વેકરિયાનાં હસ્તે વિકાસકાર્યોનું ભૂમિપૂજન



અગ્રેસર ગુજરાતની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં આગળ વધી રહ્યો છે. અમરેલી જિલ્લાની વિકાસયાત્રાને આગળ ધપાવતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી – કુંકાવાવ – વડિયા મતવિસ્તારના ધારાસભ્ય, કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લાના સાજીયાવદર મુકામે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. સાજીયાવદર ગામમાં આર.સી.સી.રોડના નિર્માણ કાર્ય અને મેઈન બજારમાં ગટર લાઈન નાખવાની કામગીરીનો મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. વિકાસકાર્યોની વિગતે માહિતી આપતા સાજીયાવગરના સરપંચ હરેશભાઈ ધાધલે જણાવ્યુ હતુ કે, સાજીયાવદર મુકામે નાયબમુખ્ય દંડકના હસ્તે રૂા. ૦૪ લાખના ખર્ચે ગટર લાઈનની કામગીરી અને રૂા.૦૪ લાખના ખર્ચે ગામની મેઈન બજારમાં આર.સી.સી.રોડના નિર્માણની કામગીરીનું ખાતમુહૂર્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં વિવિધ ક્ષેત્રે વિકાસકાર્યો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે ત્યારે જિલ્લાના સાજીયાવદર ગામે વધુ એક વિકાસકાર્યનું ખાતમુહૂર્ત થતા ગામની માળખાકીય સુવિધાઓ વધુ સુદ્દઢ બનશે તેવો વિશ્વાસ નાયબ મુખ્ય દંડકએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકએ ગ્રામજનોના કોઈ પણ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન પ્રતિનિધિ પ્રવીણભાઈ માંગરોળીયા, સરપંચ, પંચાયતના સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધી તદ્દન નિષ્ફળ અને હવે રેતીબંધી પણ સંપૂર્ણ નિષ્ફળ

# પહેલા સોનાનાં દાણચોર મહાનગરમાં અને હવે, રેતી ચોર ઠેકઠેકાણે

### અમરેલી જિલ્લા ચેમ્બરનાં મહામંત્રી, સોશ્યલ એક્ટિવીસ્ટ પ્રતાપસિંહ ખુમાણે મુખ્યમંત્રીને પત્ર પાઠવીને વેદના વ્યકત કરી

### દારૂબંધી અને રેતીબંધીની અમલવારી થઈ શકતી ન હોય બન્ને પરનો પ્રતિબંધ હટાવી લેવો જરૂરી બન્યો છે


### રેતીબંધીનાં કારણે રેતી ચોરોને બખ્ખા અને સામાન્ય માણસને ઘરનું ઘર બનાવવા રેતી ખરીદવી મુશ્કેલ બની રહી છે

### જાગૃત અગ્રણીએ પત્રમાં અનેક સ્ફોટક વિગતો વર્ણવી હોય તંત્ર માટે વિચારવા લાયક ઘટના

સાવરકુંડલા, તા. ૧૬

અમરેલી જિલ્લા ચેમ્બરનાં મહામંત્રી અને સોશ્યલ એકિટવીસ્ટ પ્રતાપસિંહ ખુમાણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વેદનાપત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, પહેલાનાં જમાનામાં સોનાના દાણચોર તો મેટ્રો સીટીમાં જ હતા જયારે રેતીના દાણચોર ગામે ગામ છે. સામાન્ય મજૂર માણસ ઘરનું ઘર, સ્વપ્નેય ન વિચારી શકે... દારૂબંધી... રેતીબંધી સમગ્ર રાજયમાં તદન નિષ્ફળ નિવડી છે. ભ્રષ્ટાચારનું મુખ્ય સાધન બની ગયેલ છે. ખરેખર આ બંને ઉપરનો પ્રતિબંધ હટાવી લેવાની જરૂર છે. માત્ર અમરેલી જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત રાજયમાં દારૂ ઉપર પ્રતિબંધ અને નદીઓની રેતી ઉપાડવા ઉપરનો પ્રતિબંધ. આ બન્ને કાયદા શોભાના



ગાંઠિયા સમાન બની ચુકયા છે અને આ વાત સામાન્ય નાગરિકથી પણ છુપી નથી. આ બંને વેપાર ઉપર સખત પ્રતિબંધ હોવા છતાં રાજયનાં દરેક ગામડા કે શહેરમાં ખુલ્લેઆમ દારૂ મળી રહી છે અને રેતી ઉપર પ્રતિબંધ હોવા છતાં આખા રાજયમાં સરકારી અને પ્રાઈવેટ બાંધકામ ધમધોકાર ધમધમી રહ્યા છે, તો આ રેતી કયાંથી આવે છે ...!? રેતી વિશે વાત કરીએ, તો ખરેખર રેતી એ ઈન્ફ્રાસ્ટ્રકચર અને વિકાસ માટે મુખ્ય પાયાની જરૂરિયાત છે. તેના વગર કોઈપણ બાંધકામ શકય જ નથી. નાળા, પુલ, ડેમ, રોડ, બિલ્ડીંગોની જરૂરિયાતો દિવસે ને દિવસે વધી જ રહી છે. ત્યારે રેતી વગર કયાંથી શકય બને..! જયારથી રેતી ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે ત્યારથી રેતી જાણે સોનાની થઈ ગઈ છે, કારણ કે કાયદેસર રેતી ઉપાડી શકાતી નથી અને રાત–દિવસ ગરેકાયદે ખનન તો ચાલું જ હોય એટલે સરકારી અધિકારીઓની મિલીભગત સિવાય રેતીના વાહનો પસાર થઈ શકે નહીં એટલે જે રેતીનું ટ્રેકટર ફકત રૂા. ૩૦૦માં આવતું હતું તેનો આજે ભાવ રૂપિયા રૂા. ૪૫૦૦ પહોંચી ગયો છે. હવે આ દંડ છેવટે ભોગવવાનો તો સામાન્ય પ્રજાને જ આવે છે. આ રેતી ચોરી એ તો સરકારી કર્મચારીઓને લાખોપતિ બનાવી દીધા છે. અરે મોટાભાગનાં સરકારી કર્મચારીઓએ તો પાર્ટનરશીપમાં જ રેતી વેચાણનો બિઝનેસ પણ ચાલુ કરી દીધો છે. માટે છેવટે સરકારનો જે હેતુ છે તે જ માર્યો જતો હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે વર્ષોથી નદીઓ, નાળાઓમાંથી રેતી ચોમાસાની ઋતુ સિવાય નિયમિત ઉપાડવામાં આવતી જ હતી, ખબર નહીં આ બાબતે પર્યાવરણ અને સિંહ સાથે કેવી રીતે જોડી દેવામાં આવી..!? અને તેનાથી અચાનક જ સરકારી અધિકારીઓ માટે મલાઈ કમાવાનું નવું સાધન બની ગયું. દર ચોમાસામાં નદીઓમાં નવી રેતી આવ્યા જ કરતી હોય છે અને એ તો કુદરતી ક્રમ છે. જો નદી, નાળામાંથી રેતી કાઢવામાં ન આવે તો નદીઓ, નાળાઓ બુરાઈ જાય અને છીછરા બની જાય. બીજુ કે જે વસ્તુ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે અનિવાર્ય હોય તેને પર્યાવરણીય ધાબળો ઓઢાડી દેવાથી કોનું હિત સધાય છે અને કોનું અહિત તે વિચારવાની જરૂર છે. પ્રજાના હિત માટે લેનારા નિર્ણયો ખરેખર તો પ્રજાને જ ડામ દેનારા સાબિત થાય છે. અત્યારે રેતીના ભાવ આસમાને પહોંચી ગયા હોવાથી ગરીબ ઘરનું ઘર સ્વપ્નમાં પણ કયાંથી વિચારે..?! આવી જ હાલત ગુજરાતમાં વર્ષોથી ચાલી આવતી દારૂબંધીના ડિંડકની છે કોઈ એક જ ગામ, શહેર કે જિલ્લાની આ વાત નથી પણ સમગ્ર રાજયમાં આજ સ્થિતિ છે. દારૂબંધી કાયદાની સરેઆમ હાંસી ઉડાડતી તસવીરો ઠેક ઠેકાણે જોવા મળે છે. સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ હરોળનો બુટલેગર પોતાની ઓળખ છુપાવવાની શરતે વાત કરે છે કે, "દર મહિને દેશી દારૂનો ધંધો ચલાવવા માટે સરકારી કચેરીઓમાં ત્રણેક લાખ રૂપિયા વ્યવહારના ખર્ચવા પડે. જિલ્લામાં કડકમાં કડક ઉચ્ચ અધિકારી હતા છતાં આપણો ધંધો ત્યારે તો સૌથી વધુ ધમધોકાર ચાલતો હતો...!"

**વિચાર થાય કે તો મહિને વેપાર કેટલો હશે ?!!**

જવાબ રૂા. ૧૨,૦૦,૦૦૦ અંકે બાર લાખ પુર..!! સમયાંતરે અધિકારીઓએ કાગળ ઉપર કામગીરી દેખાડવી પડે એટલે બે પાંચ દસ બોટલો વાળાને પકડી તસ્વીરો ખેંચી લોકો સમક્ષ જાહેરાતો કરી, સંતોષ માની લેવામાં આવે છે. આપણી જૂની કહવેત છે કે, "દેવડીએ દંડ પામે, ચોર મુઠી જારના... લાખ ખાંડી લૂંટનારા મહેફિલે મંડાય છે..."

ખરેખર તો સંપૂર્ણ નિષ્ફળ ગયેલ દારૂબંધી અને રેતીબંધી જેવા ખોખલા કાયદાઓ હટાવી લેવાની જરૂર છે. જેનાથી સરકારી તિજોરીને પણ રેવન્યુનો ખૂબ જ મોટો આર્થિક ફાયદો થશે. તેમ અંતમાં જણાવેલ છે.

---

#### દારૂનું દુષણ અનેક પરિવારો અને જીંદગીને કરે છે બરબાદ

## જાફરાબાદ : નાગેશ્રી ગામનાં યુવકને દારૂ પીવાની આદત હોય માતાએ ના પાડતાં ગળાફાંસો ખાઈ લીધો

### ઘરેથી ચાલ્યા ગયા બાદ વાડીનાં કુવામાંથી મૃતદેહ મળી આવ્યો

અમરેલી, તા. ૧૬

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતા કાળુભાઈ શાંતીભાઈ શિયાળ નામના ૩૩ વર્ષિય યુવકને દારૂ પીવાની ટેવ હોય અને આ બાબતે તેની માતાએ તેમને ઠપકો આપતા આ બંન્ને માં–દિકરા વચ્ચે અવાર નવાર ઝગડાઓ થતા હોય જેથી દિકરા કાળુભાઈ શિયાળને મનોમન લાગી આવતા ગત તા.૭/૧૨ ના રોજ સવારના આશરે પાંચેક વાગ્યે ઘરેથી બાજુની ઉદયભાઈ જેબલીયાની વાડીએ જવાનુ કહી કયાંક જતો રહેલ હતો જે ગત તા.૧૫/૧૨ના રોજ બાજુની ભોળાભાઈ માધાભાઈ દોંગની વાડીના કુવામાં ઈલેકટ્રીક મોટરના વાયરથી કુવામાં લટકી જઈ ગળાફાસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

#### ક્રિકેટ મેચ ઉપર હાર–જીતનો સટ્ટો ઝડપાયો

## અમરેલીનાં હરિરોડ ઉપર ઓટલા ઉપર બેસીને ચાલતા જુગાર સામે પોલીસની કાર્યવાહી

અમરેલી, તા. ૧૬

અમરેલી સરકારવાડા રામજી મંદિર પાસે રહેતા ઈમ્તિયાજબિન કસીરીએ આઈ.ડી. પર રમાતી ઓસ્ટ્રેલીયા ટી–૧૦ વિરૂધ્ધ ઈંગ્લેન્ડ ટી–૨૦ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચમાં ગત તા. ૧૫ના રાત્રીના સમયે અમરેલીમાં આવેલ હરિ રોડ ઉપર એક દુકાનના ઓટા ઉપર રૂપિયા ૫૦ના ઓનલાઈન બેલેન્સ વાળી આઈ.ડી. વડે હારજીતનો ક્રિકેટ સટ્ટો પોતાના



મોબાઈલ ફોનમાં રમતા રોકડા રૂપિયા ૧૧૦૦ તથા મોબાઈલ ફોન રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૬૧૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ સદર આઈ.ડી. ટ્રુકોલરમાં મેસેજના માધ્યમથી આરોપી અમરેલીમાં રહેતા નિકુલભાઈ દેવેન્દ્રભાઈ ઉર્ફે મુન્નાભાઈ ત્રિવેદી સહિત બે સામે સીટી પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

---

#### છેલ્લા ૨૪ કલાકમાં ૨ અધિકારીએ ફરિયાદ નોંધાવી

## સા.કુંડલાનાં મોટા ઝીંઝુડાની બેન્કના મેનેજર અને મોટા માચીયાળાનાં તલાટી મંત્રીની ફરજમાં રૂકાવટ

### બન્ને અલગ–અલગ બનાવની ફરિયાદ નોંધી પોલીસે તપાસ આદરી

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં બે અલગ અલગ ફરજમાં રૂકાવટ કર્યાની પોલીસ ફરિયાદ જે તે પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામે રહેતા વિનુભાઈ સોમાભાઈ નગવાડીયા તથા વિજય વીનુભાઈ નગવાડીયા ગત તા. ૧૫ના રોજ સાંજે સાવરકુંડલા તાલુકાના મોટા જીંજુડા ગામે આવેલ એસ.બી.આઈ. બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવતા વિનયકુમાર કમલેશકુમાર અહીરવાર પાસે જઈ આ બન્નેએ અમારા ખાતામાથી પૈસા કેમ કાપી લે છે? તેમ બાબતે કહી બેંકમાં રાડા રાડી કરી બેન્કના મેનેજરને જેમ ફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢ માર મારી ટાટીયા ભાંગીનાખવાની તથા ખોટા કેસમા ફસાવી દેવાની ધમકી આપી બેન્કના મેનેજરની કાયદેસરની ફરજમા રૂકાવટ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

જયારે બીજા બનાવમાં અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઈ ચતુરભાઈ પટેલ (રહે.બાબાપુર) ગત તા.૧૫ બપોરે અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગ્રામ પંચાયત કચેરી ખાતે પોતાની કાયદેસરની ફરજ બજાવતા હતા ત્યારે મોટા માચીયાળા રહેતા આરોપી મનોજભાઈ લક્ષ્મણભાઈ ચાવડા દારૂ પી અને તેમના મકાન વેરો ભરવા આવતા ફરજ પરના તલાટી કમ મંત્રીએ મકાન વેરા સાથે સફાઈ વેરો પાવતીમાં દર્શાવી અને પાવતી આરોપીને આપતા આરોપીએ ઉશ્કેરાઈ જઈને તલાટી કમ મંત્રીને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી તલાટી કમ મંત્રીની કાયદેસરની સરકારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.































## ફિલ્મી સફર (એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

**પ્રકરણ-૧૬૩**

**'મુજ કો ઈસ રાત કી તનહાઈ મે આવાઝ ના દો.... આવાઝ ના દો જિસ કી આવાઝ રૂલા દે મુજે વો સાઝ ના દો.. આવાઝ.. ના દો'**

પ્રિય વાચક મિત્રો,

અમરેલી એકસપ્રેસ દૈનિક અને તંત્રી શ્રી મનોજ ભાઈ રૂપારેલિયાના સહકારથી હિન્દી સિનેમામાં આપણે ૧૯૬૦ ના દસક સુધી પહોંચી ગયા છીએ. ૧૯૬૦ની ફિલ્મોની વાત કરતા પહેલા ૧૯૫૯ની ફિલ્મોના ફિલ્મ ફેર એવોડર્સની નોંધ લઈએ.

ફિલ્મ ફેર અવાર્ડ્સ -૧૯૫૯ - ૧૯૫૯ ના મુખ્ય પુરસ્કાર નીચે મુજબ છે.

બેસ્ટ ફિલ્મ - સુજાતા ---, બેસ્ટ ડિરેકટર --- બિમલ રોય .. ફિલ્મ સુજાતા .... બેસ્ટ અભિનેતા - રાજ કપૂર .. ફિલ્મ અનાડી ---, બેસ્ટ અભિનેત્રી ---નૂતન .. ફિલ્મ. સુજાતા ...., બેસ્ટ સહાયક અભિનેતા - મનમોહન કૃષ્ણા. ફિલ્મ - ધુલ ક ફૂલ .... બેસ્ટ સહાયક અભિનેત્રી. લલિતા પવાર.. ફિલ્મ અનાડી., બેસ્ટ સંગીતકાર - શંકર જયકિશન.. ફિલ્મ. અનાડી ...,, બેસ્ટ ગીતકાર.--- શૈલેન્દ્ર.. ગીત --- સબ કુછ શીખા હમને ના શીખી હોસિયારી.. ફિલ્મ અનાડી....., બેસ્ટ ગાયક --- મુકેશ જી..ગીત.. સબ કુછ શીખા.. ફિલ્મ અનાડી.., બેસ્ટ સ્ટોરી--- સુબોધ ઘોષ.. ફિલ્મ સુજાતા.., બેસ્ટ સંવાદ--- રામાનંદ સાગર. ફિલ્મ પૈગામ..., બેસ્ટ એડિટિંગ. --- ચિંતામણિ બોરકાર.. ફિલ્મ નવરંગ.., બેસ્ટ સિનેમા ઓટોગ્રાફી ---- વી. કે. મુર્તિ - ફિલ્મ કાગઝ કે ફૂલ.., બેસ્ટ આર્ટ --- એમ આર આચરેકર.. ફિલ્મ કાગઝ કે ફૂલ.., બેસ્ટ સાઉન્ડ --- એ. કે. પરમાર ફિલ્મ - નવરંગ. અનાડી ફિલ્મ સૌથી વધુ પુરસ્કાર મેળવી ગઈ હતી.



૧૯૬૦ --- દોસ્તો , ૧૯૬૦ના ફિલ્મી સફરમાં આપણે પ્રવેશ કરી રહ્યા છીએ, આપણે દરેક વર્ષ માં નવા આવતા કલાકારો ની ઓળખ તેમની જ ફિલ્મ માં કરી રહ્યા છીએ, પણ અમુક કલાકાર એવા હોય છે, જે હિન્દી સિનેમા માં એક અલગ નામ થી ઊભરી આવે છે, અને પાંચ થી છ દસક સુધી કાર્યરત રહે છે, તેવા કલાકાર ની આજે અહી ટૂંક માં ઓળખ મેળવી તેની જ ફિલ્મ ની વાત કરીશું. તે કલાકાર નું નામ 'હિમેન (બૅક સ્લૅશ)' એટલે કે ધર્મેન્દ્ર છે.

ધર્મેન્દ્ર - ધર્મેન્દ્ર એટલે ધરમસિંગ, કેવળ કૃષ્ણ દેઓલનો જન્મ ૮-૧૨-૧૯૩૫ના રોજ પંજાબ લુધિયાના પાસે ના નાના એવા ગામ સાહેનેવાલ માં પંજાબી જાટ પરિવાર માં થયો. તેમનું પિતૃક ગામ રાયકોટ પાસે નું ડોંગા ગામ હતું, પણ ધરમ ના પિતા એક સ્કૂલ માં આચાર્ય હતા, અને તેથી તેઓ સાહેનેવાલ ગામ માં સ્થાયી થયા હતા, ધરમ ત્યાં પ્રાથમિક શિક્ષણ લીધું, અને પંજાબ યુનિવર્સિટી થી મેટ્રિક પાસ થયા. તેઓ માત્ર ૧૯ વર્ષ ના હતા ત્યારે તેમના લગ્ન પરિવારિક રીતે પ્રકાશ કેર સાથે થઈ ગયા, ધરમ ત્યારે કોઈ આવક મેળવતા ના હતા, તેઓ ૧૯૫૯ માં મુંબઈ આવ્યા, કારણ કે બચપણ થી તેમને નાટક માં અભિનય કરવો ગમતો હતો, તેઓ મુંબઈ આવ્યા બાદ નિર્દેશક અર્જુન હિંગોરાની ના સંપર્ક માં આવ્યા, અર્જુને ત્યારે હિન્દી સિનેમા માં નવા હતા, અને ૧૯૫૮ માં આબાના ફિલ્મ માટે નિર્દેશન કરી ચૂકયા હતા, ધરમ નું નામ બદલી તેમણે ધર્મેન્દ્ર કર્યું, અને ૧૯૬૦ માં તેમની ધર્મેન્દ્ર સાથે ની ફિલ્મ અને ધર્મેન્દ્ર ની પ્રથમ ફિલ્મ 'દિલ ભી તેરા હમ ભી તેરે' પ્રદર્શિત થઈ, ફિલ્મ એટલી બધી સફળ ના થઈ પણ ધર્મેન્દ્ર અને અર્જુન ની ગણના નવોદિત કલાકારો માં જરૂર થઈ. ૧૯૬૧ માં બોય ફ્રેન્ડ ફિલ્મ આવી, પણ સફળતા ના મળ ી, અને ૧૯૬૨ માં સુરત ઔર સિરત ફિલ્મ થી તેમની ગણના એક સારા કલાકાર તરીખે થવા લાગી, અને ત્યારબાદ તેઓ ધીમે ધીમે સફળતા પ્રાપ્ત કરતાં ગયા, ૧૯૬૫ માં આઈ મિલન કી બેલા ફિલ્મ જેમાં રાજેન્દ્રકુમાર નાઈક અને ધર્મેન્દ્ર ખલનાયક બન્યા, ત્યારબાદ ધર્મેન્દ્ર એ મનોમન નક્કી કર્યુ કે તેઓ હિન્દી સિનેમા માં સફળ થાય કે ના થાય પણ સામાન્ય ભૂમિકાઓ કે ખલનાયક ની ભૂમિકા નહીં ભજવે, અને ૧૯૬૮ માં તેમને એકશન હીરો સાબિત કરતી ફિલ્મ 'આંખે' આવી, આંખે ની સફળ તા બાદ તેમણે હિમેન બનવા માં જાજો સમય ના થયો. તેમની પહલી ફિલ્મ માં તેઓ પરદા પર એક લાકડી ના સહારે ખુબજ ઊંચા વ્યકિત રૂપે દેખાય છે, ત્યારે ધરમજી ને પણ ખબર નહીં હોય કે તે એક દિવસ હિન્દી સિનેમા માં અભિનય ની ઊંચાઈ એ પહોચશે.

તેમના વ્યકિતગત જીવન માં તેઓ બે લગ્ન કર્યા છે, પ્રકાશ કેર સાથે ના લગ્ન બાદ, ૧૯૭૦ માં હેમા માલિની સાથે 'તુમ હસી મે જવા' ફિલ્મ થી શરૂ થયેલ પ્રણય ૧૯૮૧ માં લગ્નમાં પરાવર્તિત થયો. કહેવાય છે કે બન્ને એ ઈસ્લામ ધર્મ અપનાવી આ લગ્ન કરેલા, પણ તેઓ તેનો વિરોધ કરે છે, કોંગ્રેસ પાર્ટી ના અમુક નેતાઓ એ તેમની સામે ફરિયાદ પણ દાખલ કરેલ, ધરમજી બીજેપીમાં સાંસદ સભ્ય પીએન રહી ચૂકયા છે, તેમના વિષે વધુ તેમની ફિલ્મો દરમ્યાન વાતો કરતાં રહેશું . ધરમજી ને તેમની કારકિર્દી માં કયારેય પણ ફિલ્મ ફેર એવાર્ડ મળ્યો ના હતો, જયારે તેમને,૧૯૯૭ માં લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવાર્ડ મળ્યો ત્યારે તેમણે આ વ્યથા રજૂ કરી હતી. પણ સરકારે તેમની કદર કરી તેમને ૨૦૧૨ માં પદ્મ ભૂસણ થી સન્માનીત કરેલ છે, ધરમજી એ ૩૦૦ થી વધુ ફિલ્મો માં કામ કર્યું છે, અને પોતાના હોમ પ્રોડકશનમાં પણ સફળ ફિલ્મો આપી છે. તેમણે રાજકીય કારકિર્દી માં એકવાર જાહેરમાં ૨૦૦૫માં કહેલું કે ભારતને એક તાનાશાહી શાસકની જરૂર છે, તે સમયે તેઓ પર માછલા ધોવાયા હતા. હાલમાં જ તેમનો ૮૮ મો જન્મ દિન તેમણે તેમના ફાર્મ હાઉસ પર મનાવ્યો તેઓ આજે પણ સ્વસ્થ જીવન પસાર કરી રહ્યા છે.




દિલ ભી તેરા હમ ભી તેરે --- ૧૯૬૦ માં અર્જુન હિંગોરાની ના નિર્દેશન માં આ ફિલ્મ ધર્મેન્દ્ર ની પ્રથમ ફિલ્મ છે. આ ફિલ્મ માં ધર્મેન્દ્ર એ એક બોકસરનું પાત્ર ભજવ્યું છે, ત્યારે એકશન હીરો નો જમાનો ના હતો, પણ રોમાંટિક અને સામાજિક ફિલ્મો વધુ આવતી હતી, તેના કરતાં વિપરીત થોડા ઘણા એકશન દ્રશ્યો સાથે ની આ ફિલ્મ સફળ તો ના રહી, પણ ધર્મેન્દ્ર નિર્માતા અને નિર્દેશકો ની નજરમાં આવી ગયા, આ ફિલ્મ બિહારી મસન્દના નિર્માણમાં, કલ્યાણજી આનંદજી ના સંગીત, સમીમ જઈપૂરી, કે એલ પરદેશી ના ગીતો અને મુકેશજી, લતાજી, આશાજી, સુમન કલ્યાણ પૂર, મહેન્દ્ર કપૂર, ગીતા દત, શંકર દાસ ગુપ્તા, કમલ બારોટ ના સ્વર માં ગવાયેલા ગીતો અને બલરાજ સાહની, ધર્મેન્દ્ર, ઉષા કિરણ, કુમકુમ, મોહન ચોટી, હરિ શિવ દાસની, સુશિલ, ટૂન ટૂન, જાનકી દાસ, બેબી શોભા, અનુપ બાલ કલાકાર થી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી, પણ મુકેશજી ના યાદગાર ગીત અને ધર્મેન્દ્ર ની પ્રથમ ફિલ્મ થી યાદ કરાય છે.ફિલ્મ ની કથા એક બેકાર યુવાન ધર્મેન્દ્ર, જે એક યુવતી કુમકુમ ના પ્રેમ માં બંધાય છે, બલરાજ તેના નાના ભાઈ સાથે રહી જીવન નિર્વાહ માટે ચોરી પણ કરી લે છે, તેનેલોકો દાદાના નામે ઓળ ખે છે, બલરાજ સાથે ધર્મેન્દ્ર ની મિત્રતા થઈ જાય છે, જે એક પારિવારિક સંબંધો જેવી થઈ જાય છે, કુમકુમ ડાન્સર અને ધર્મેન્દ્ર એક બોકસર બની સફળ થઈ જાય છે, બલરાજ પણ ઉષા સાથે પ્રણય ના તારે અને લગ્ન ના બંધને બંધાય છે, એક દિવસ કુમકુમ એક જહાજ માં ગોવા જઈ રહી છે, તે જહાજ ડૂબી જાય છે, ધર્મેન્દ્ર હવે જીવન થી નિરાશ થઈ જાય છે, બલરાજ એક ચોરી ના કેશ માં પોલીસ ના હાથે પકડાઈ જાય છે, બલરાજ નો ભાઈ એક અકસ્માત માં ઘાયલ થાય છે, બલરાજ ની ગેરહાજરી માં ધર્મેન્દ્ર જેણે બોકિસંગ છોડી દીધું છે, છતા લડાઈ માટે તૈયાર થાય છે, તેજ સમયે કુમકુમ ને અમુક માછીમારો એ બચાવી લીધેલ તે શહેર આવે છે, અને તેને ગુંડા થી બલરાજ જે જેલ થી છૂટી આવે છે તે બચાવે છે, બોકિસંગ માં ધર્મેન્દ્ર બૂરી રીતે ઘાયલ હોય છે, પણ કુમકુમ ને જોતાં જ તે લડાઈ જીતી જાય છે, ધર્મેન્દ્ર બલરાજ ને તેનો ભાઈ સુરક્ષિત આપે છે, તો બલરાજ ધર્મેન્દ્ર ને કુમકુમ આપે છે, મિત્રતા અને પ્રેમ થી જીવન સુગંધિત થઈ જાય છે. ફિલ્મ મુકેશજી અને લતાજી ના સ્વરનું ગાયેલ ગીત, મુજ કો ઈસ રાત કી તનહાઈ મે આવાઝ ના દો.. ગીત આજેપણ મુકેશજીના યાદગાર ગીતો પૈકીનુંએક છે. આગામી અંકમાં બલરાજ સાહનીની અન્ય ફિલ્મો અને ૧૯૬૦ના વર્ષની યાદો સાથે મળીશું. આભાર.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases) ભાગ-૪૧

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY) ભાગ-૪


**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**


**<u>પેટનો ઘેરાવો જેટલો વધુ એટલી બિમારી થવાની શકયતા વધારે</u> :** જે વ્યકિતના પેટની આસપાસ ચરબી વધુ હોય અને હાથ-પગ-થાપા આગળ ચરબી ઓછી હોય એવી વ્યકિતને ઈન્સ્યુલિન રેઝીસ્ટ્ન્સ, ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હાઈપર લાઈપીડેમીયા, એથેરોસ્ક લોરોસિસ, હાર્ટએટેક વગેરે અનેક બિમારીઓ થવાની શકયતા વધુ હોય છે. **<u>જયારે આ બધી બિમારી મોટું પેટ ધરાવતી વ્યકિતમાં એક સાથે હાજર હોય ત્યારે એ દર્દીને 'સિન્ડ્રોમ એકસ' અથવા 'મેટાબોલીક સિન્ડ્રોમ' નામનો રોગ લાગુ પડી ગયો છે</u>** એવું કહેવાય.વધેલું પેટ અનેક રોગનું ઉદ્દભવસ્થાન છે, એ હકીકત દરેક વ્યકિતએ સમજી લેવાની જરૂર છે. હાથ-પગ-થાપાની ચરબી વધવાથી જેટલું નુકશાન થાય એનાથી અનેકગણું નુકશાન પેટની ચરબી વધવાને કારણે થાય છે. પેટની ચરબી વધવાને કારણે વ્યકિતની અંદર ઈન્સ્યુલિનની કાર્યક્ષમતા ઘટી જાય છે, પરિણામે સામાન્ય વ્યકિત કરતાં વધુ પ્રમાણમાં ઈન્સ્યુલિનની રોજેરોજ જરૂર પડે છે, મોટી ફાંદવાળી વ્યકિતએ રોજ વધારે પ્રમાણમાં ઈન્સ્યુલિન બનાવવું પડે છે અને છેવટે એક તબક્કો એવો આવે છે કે ઈન્સ્યુલિન શરીરની જરૂરીયાત જેટલું બની શકતું નથી અને પરિણામે ડાયાબિટીસનો રોગ થાય છે. જે વ્યકિતમાં ઈન્સ્યુલિન રેસીસ્ટ્ન્સને કારણે વધુ પ્રમાણમાં ઈન્સ્યુલિન બનતું હોય એમને હૃદયરોગ થવાની શકયતા પણ વધી જાય છે.


પેટનો વધુ ઘેરાવો, શરીરની અંદરના ચરબીના ઘટકોમાં પણ મોટા ફેરફાર કરે છે. ફાંદાળા માણસનાં લોહીમાં એલ.ડી.એલ. (નુકસાનકર્તા) કોલેસ્ટેરોલ અને ટ્રાયગ્લીસરાઈડસનું પ્રમાણ ઘણું વધારે હોય છે જયારે ફાયદાકારક એચ.ડી.એલ. કોલેસ્ટેરોલનું પ્રમાણ ઓછું હોય છે.પેટનો ઘેરાવો વધવાથી બ્લડપ્રેશર વધે છે. આ બધા પરિબળો ભેગા થઈને હૃદયરોગની સંભાવના ખુબ વધારી મુકે છે.

**<u>વજન વધવાનું કારણ શું ?</u>**

સાદા શબ્દોમાં કહીએ તો શકિત(કેલરી)નાં વપરાશ કરતાં વધુ કેલરી ખોરાકમાં લેવામાં આવે તો આ વધારાની કેલરી શરીરના મેદકોષોમાં ચરબી સ્વરૂપે સંગ્રહ પામે છે. એટલે કે





મેદવૃધ્ધિએ શકિતના વપરાશ અને સંચય વચ્ચેનું અસંતુલન છે અને શકિતનો વપરાશ ઘટવાથી (બેઠાડું જીવન પધ્ધતિથી) કે ખોરાકમાં વધુ પડતી કેલરી લેવાથી મેદવૃધ્ધિ થાય છે.

**(૧) વધુ શકિત-ચરબીવાળો ખોરાક :** ઘણા જાડા માણસો જરૂર કરતા વધારે ખોરાક લેતા હોય છે અને પરિણામે વજન વધે જાય છે. આ લોકો શા માટે જરૂર કરતા વધુ ખાતા હશે એ ચોક્કસપણે શોધી શકાયુ નથી. દરેક માણસને ભુખ લાગવા માટે, ખાવા માટે અને ધરાઈ જવા માટે મગજના હાઈપોથેલેમસ વિસ્તારમાં ખાસ કેન્દ્રો (સેટાઈટી સેન્ટર) આવેલા હોય છે, જે માણસની ખોરાક-સંબંધી ટેવોનું નિયંત્રણ કરે છે.

ખોરાક લેતી વખતે અંતઃસ્ત્રાવી ફેરફારો અને જઠરનો ભરાવો સામાન્ય રીતે ધરવ કેન્દ્ર (સેટાઈટી સેન્ટર) ને સંદેશો મોકલીને વધુ ખોરાક લેવા પર નિયંત્રણ મુકે છે. જો વ્યકિતમાં આ કેન્દ્ર સંવેદનશીલતા ઘટી ગઈ હોય તો યોગ્ય સમયે ખોરાક લેવા પર નિયંત્રણ મુકી શકાતું નથી અને પરિણામે ઓવરઈટિંગ અને મેદવૃધ્ધિ થઈ શકે છે. મગજના આ કેન્દ્ર ઉપરાંત ખાવાની ટેવોનું નિયમન કરવા માટે માનસિક અને સામાજીક પરિસ્થિતિઓ પણ કેટલેક અંશે જવાબદાર હોય છે.જાડા માણસો ખોરાકના સ્વાદ, સોડમ, સામાજિક સંદર્ભ વગેરે બાબતોને આધારે જલદીથી દોરવાઈ છે અને ઘણીવાર ભાવતો ખોરાક પેટ ના પાડે તો પણ પેટમાં ઠાંસ્યે જાય છે ! આમ, **<u>જરૂર કરતાં વધારે ખોરાક લેવાની ટેવ ઘણા જાડા માણસોની જાડાઈના મુળમાં હોય છે.</u>**

વધુ ચરબીયુકત ખોરાક લેવાથી ઓછા પ્રમાણમાં લીધેલો ખોરાક વધુ કેલરી આપે છે. એક ગ્રામ ચરબીમાંથી ૯ કિલો કેલરી મળે છે જયારે એક ગ્રામ શર્કરા કે પ્રોટિનમાંથી માત્ર ૪ કિલો કેલરી મળે છે.મોટાભાગના ગુજરાતી ઘરોમાં નાસ્તા તરીકે વધુ ચરબીવાળી તળેલી વસ્તુઓ જ જોવા મળે છે. ગાંઠિયા, ભુસું, ફાફડા, પાપડી, સેવ-મમરા, ચેવડો, ચવાણું, ગોટા, પુરી, ચકરી વગેરે ગુજરાતીઓના પ્રિય પરંતુ સ્વાસ્થ્યહર નાસ્તાઓ છે. ઘણા ગુજરાતીઓ ખાખરા ખાઈને એવા વહેમમાં રહેતા હોય છે કે પોતે તળ્યા વગરનો, સાદો, સ્વાસ્થ્યપ્રદ નાસ્તો કરે છે. પરંતુ હકીકત એ છે કે મોટા ભાગનાં ઘરોમાં ખાખરા જે રીતે બનાવવામાં આવે છે તે તો તળેલા નાસ્તા કરતાં પણ વધુ નુકસાન કરે છે. ખાખરા પર છુટથી ઘી-તેલ લગાવવામાં આવે એ પછી એને શેકવામાં આવે અને લટકામાં ખાતી વખતે ફરીથી ઘી ચોપડીને લેવામાં આવે. આમ, ૨૫-૩૦ ગ્રામના ખાખરામાં પાંચ-સાત ગ્રામ તો ઘી/તેલ આવે છે. આવો જ ભ્રમ લોકોને ભાખરી અંગે હોય છે. પુરી, પરોઠા, થેપલા વગેરે તો તેલમાં તળાતાં જ હોય છે પણ ભાખરી ઘણી જગ્યાએ માત્ર શેકાતી હોય છે. એટલે અંશે એમાં તેલ ઓછું આવે પણ એની સામે મોણમાં વપરાતું તેલ ઘણૂં વધારે હોય છે અને ખાતી વખતે પાછું બીજુ ઘી-તેલ વપરાય છે. ગુજરાતી રોજિંદા ખોરાકમાં ફુલકા રોટલી અને જુવાર-બાજરીના રોટલા આ બે જ વસ્તુઓ એવી છે કે જેમાં મોણ નથી આવતું, પરંતુ દુર્ભાગ્યે આ બન્ને વસ્તુ પર પણ મોટા ભાગના લોકો ઘી-કે માખણ લગાવીને જ ખાય છે અને એટલું વધારાનું ઘી-તેલ પેટમાં નાખ્યા કરે છે.

શાક-દાળના વઘારમાં પણ ખુબ વધારે ઘી-તેલ વપરાય છે. ખાસ કરીને જમણવારોમાં કે રસોઈયાએ બનાવેલ હોટલ/ઘરના શાક દાળ તો જાણે તેલમાં તરતાં હોય એવું લાગે છે. વધુ ઘી-તેલ વાપરવાથી રસોઈ જલદી થાય છે, સરસ સ્વાદિષ્ટ લાગે છે અને એટલે જ રસોઈયાઓ વધુ પડતા ઘી-તેલ વાપરે છે. પરંતુ જો ધીરજપુર્વક બનાવવામાં આવે તો ઓછા ઘી-તેલવાળી રસોઈ પણ સ્વાદિષ્ટ બની શકે છે-અને સ્વાસ્થ્યપ્રદ તો ખરી જ.

આજકાલ ફાસ્ટફૂડનુંચલણ પણ ખુબ વધ્યુ છે. તૈયાર બટાકાની ચીપ્સ, કેઅન્ય તળેલા નાસ્તાઓ, પીઝા, બર્ગર વગેરેનો વપરાશ ભારતીય શોખીનો ધીમેધીમે વધારી રહ્યા છે. આ બધામાં તેલ, બટર, ચીઝ વગેરે ચરબીયુકત પદાર્થો છુટથી વપરાય છે. ભેલપુરી, પાણીપુરી વગેરે પણ તળેલા ફાસ્ટફૂડના ઉદાહરણો છે. આઈસ્ક્રીમમાં ૧૦ થી ૧૬% જેટલી ચરબી આવે છે અને તેનો વપરાશ પણ સમૃધ્ધિની સાથો સાથ વધતો જાય છે. માવાની મીઠાઈઓ અનેશુધ્ધ ઘીમાંતૈયાર કરેલી મીઠાઈ પણ પુષ્કળ પ્રમાણમાં ચરબી પુરી પાડે છે. જેટલો વધુ કેલરી અને ચરબીવાળો ખોરાક લેવામાં આવે છે એટલી શરીરની ચરબી અને વજન વધવાની શક્યતા રહે છે. **<u>જીભનો ચટકો સ્વાસ્થ્ય બગાડે છે.</u>**

વજન વધવાના અન્ય કારણો ની ચર્ચા આવતા સપ્તાહે કરીશું...

# સમજણ એ જ નારાયણ

**તેડુ આવ્યું' તું સુંગધોનું તને, તે છતાંય છાંટીને અતર ગયો.''**
**- ડો. યતીન દેસાઈ 'પરવેઝ'**



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ - અમરેલી**

દિવાળીનાં દિવસોમાં બઝારમાં ધમધમાટ, ભીડ અને રોનક જોવા મળે છે. માણસો આ તહેવાર ઉજવવા, ઘરને સજાવવા હોશે હોશે ખરીદી કરે છે. પણ હવે મોટાભાગે આર્ટીફીશ્યલ આઈટમોનું ચલણ વધી રહયું છે. પ્લાસ્ટીક અને બનાવટી આઈટમોનું બઝારમાં જબરૂ ચલણ અને પ્રભુત્વ વર્તાય છે. બનાવટી ફુલો, ગજરા, માળાઓ, તોરણો દીવાઓ, કોડીયા, ઘર સજાવટની લગભગ વસ્તુઓમાં હવે આ ફ્રેઝ વધી ગયો છે. (અને જીવનમાં પણ !!)

એક સમયનો દોર હતો કે માણસ જીવન ઝરૂરી વસ્તુઓમાં ટકાઉપણું નકકરતા શોધતો અને તેથી જ કોઈ પણ ચીજ વસ્તુનો લાંબો સમય સુધી ઉપયોગ કરતો... કરી શકતો ....!! જયારે આજે તો ફેશન ઝડપથી બદલતી હોવાથી... આજે ખરીદેલી વસ્તુ બહુ ટુંકા જ સમયમાં જુની લાગવા માંડે છે. !! આઉટ ઓફ ડેટેડ ાથઈ જતી લાગે છે. તેમાંથી રસ અને રૂચી ઘટી જાય છે. બહુ ઝડપથી કોઈપણ ઈસ્ટિમેન્ટનું અપગ્રેડ મોડલ માર્કેટમાં આવી જતું હોવાથી આજની ખરીદેલ ચીજ કાલે એટેચમેન્ટ ગુમાવવા લાગે છે.!! આ વર્તમાન સમયની વાસ્તવિકતા છે.

આજે માણસની મનોવૃતિ શોખ અને તેથી જ જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન થયું છે. ડીજીટલ માધ્યમોએ પૃથ્વીને ચણીયાબોરની જેમ નાનકડી બનાવી દીધી છે.! હવે કોઈ પણ દેશનાં કલ્ચર, લાઈફસ્ટાઈલની અસર તુરત જ અન્ય દેશમાં થતાં લાગે છે. ! અગાઉ કોમ્યુનીકેશનનાં સાધનો જ ઉપલબ્ધ ન હોવાથી માહિતી કે સંપર્કમાં આવવાનું જ શકય ન હતું. જયારે આજનાં સમયમાં હવે તો સઘળું આંગળીના ટેરવે જ ઉપલબ્ધ થઈ શકતું હોવાથી.. વ્યવહાર જગતમાં, સામાજિક ક્ષેત્રમાં, દરેક ક્ષેત્રે પરિવર્તનનો પવન ખુબ તેજ ગતિથી ફુંકાયો છે. !! ભલે આમાં કશું ખોટું નથી. પણ પ્રમાણભાન જરૂરી ખરૂ..!! ઘણું અપનાવવા લાયક જોવા, જાણવા, માણવા અને સ્વીકારવાની તક મળી છે. તો ઘણું નુકશાનકારક ત્યજવા લાયક પણ ઘર કરી ગયું છે. સરવાળે માણસ કુદરતથી અળગો છેટો... વેગળો થઈ રહયો છે. અને કૃત્રિમતા હાવી થઈ રહી છે. આ બાબતે ચોકકસ વિચારવા જેવું છે !!

**: નવનીત :**
**જેને સંતાડવા મથામણ કરવી પડે તે બનાવટ !!**

# પ્રેન્ક પ્રથા

## અનુભૂતિનાં અક્ષરો

**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



**'મજાક મજાકમાં પણ આવી મજાક ન થાય, કે જેના થકી કોઈની લાગણી દુભાય જાય.'**

મજાક શબ્દ ઘણો જાણીતો છે. આજની પેઢીમાં પ્રેન્ક તરીકે પણ જાણીતો થયો છે. લોકો વાતેવાતે પ્રેન્ક કરતા થયા છે. એના નામે મજાક કરે છે.

ઘણા લોકો ખૂબ મજાકિયા સ્વભાવના હોય તે કોઈપણ ગંભીર વાતને પણ મજાક બનાવી શકે. અને ઘણા લોકો મજાક જેવી હળવી વાતને પણ ગંભીર બનાવી 'રાઈનો પર્વત' કરી શકે. જો કે આ બંને પરિસ્થિતિમાં ખરેખર મજાક કોને કહેવાય ? કોની કરાય ? કેવી કરાય ? અને કેવી ન કરાય ? કયારે ? કેમ ને કેવી પરિસ્થિતિમાં કરવી કે ન કરવીની સમજ હોવી એ પણ એટલી જ આવશ્યક છે. મજાક એ છે જે નિર્દોષ ભાવે થાય. જેનાથી કોઈને નુકસાન ન થાય, કોઈનું દિલ ના દુભાય.

જે મજાક માત્ર માણસને હળવા કરે. તેના હોઠે થોડું સ્મિત લાવે. એવી મજાક થાય ત્યાં સુધી તે યોગ્ય છે. પરંતુ આ મજાક કે પ્રેંકના નામ પર કોઈ પણ વ્યકિતના નામ, કામ, જાતિ રંગ, રૂપ કે કોઈ વ્યકિતગત વર્તનને લઈને હસી ઉડાડવામાં આવે, અન્ય સામે બીજાને હાંસીપાત્ર બનાવવામાં આવે, કોઈની લાગણી ઘવાય કે માનભંગ થતું હોય એવીકોઈ પણ વાતને મજાક ન જ કહેવાય.

જે વાતમાં બીજાને નીચા દેખાડી ઉતારી પાડવાની કે કંઈક ઉતરતા ચીતરવાની કે તેને મજાકનો મુદ્દો બનાવી દેવાની વાત હોય તે મજાક નહીં પણ એક સોચી સમજી સાજીશ જ ગણાય. જયાં મજાક ના નામે બીજી વ્યકિતને ઘણું ઘણું સંભળાવી દેવાય, તેને હલકું ચિત્રાય, બધું કહેવાય જાય, કરાઈ જાય, પછી માત્ર નાનકડું વાકય કે, ' અમે તો મજાક કરી હતી, લો મજાકમાં પણ ખોટું લાગી જાય'. આવું કહી એમાંય પાછો સામેના જ નીચો પાડવાની કોશિશ કરવામાં આવે. પણ દોસ્ત મજાક વ્યકિતગત બાબતો પર કરવામાં આવે ત્યારે ખરેખર તો એ મજાક કહેવાય જ નહીં. જે મજાક આપણી સાથે થાય તો આપણે સહન કરી શકીએ તો જ અન્ય સાથે એવી મજાક કરવી.

ઘણાં માણસોની પ્રકૃતિ એવી હોય કે એમને બીજાની હાંસી ઉડાડવી ખૂબ ગમે, એમાંથી એને અદ્દ્ભુત આનંદ મળે. પણ વાત જયારે પોતાની આવે તો આંખ લાલ થઈ જાય, ને મોં ફૂલી જાય. મજાક એટલે હળવી રમૂજ.

બાકી મજાકના નામે બીજાના માન સન્માનને ઠેસ પહોંચે એ સહેજ પણ યોગ્ય નથીજ. દાખલા તરીકે, કોઈને ત્યાં મરણ થયું હોય ત્યાં જઈને 'હા હા સારૂં થયું, ભલુ થયુ ભાંગી ઝંઝાળ' એમ ન કહેવાય કે એ તો વાતાવરણ હળવું કરવા કહ્યું'. આવું ના થાય. આવું ન કરી શકાય.

વળી આજકાલ તો બાળ કોથી લઈને મોટાઓ સુધી આ પ્રેન્ક પ્રથા વિસ્તરી છે. ત્યારે આમાં ઘણી વખત 'વાઘ આવ્યો, વાઘ આવ્યો'ની વાર્તા જેવું પણ થાય છે. કે ખરી મુસીબતના પણ લોકો પ્રેન્ક સમજીને અવગણે છે. વળી આપણી મજા બીજાની સજા બને તો એ મજાક નથીજ ગુનો છે. દાખલા તરીકે આપણી કોઈ આપણને લાગતી મજાક બીજા માટે આઘાત બને અને તેના જીવ પર ઉપાધિ આવી પડે એવું પણ બની શકે.

અને એક નાનકડી મજાક કોઈ જીવતી જાગતી વ્યકિતનો જીવ પણ લઈ શકે કે જીવતા લાશ પણ બનાવી શકે.

આમ આપણી મજાક કોઈ માટે સજા કે આઘાત ન બને તે પણ અવશ્ય વિચારવું જોઈએ. નહીં તો આવા કિસ્સામાં ઘણી વખત મજાક જીવલેણ પણ સાબિત થાય છે. જે મજાક આપણે નથી સહી શકવાના તે અન્ય સાથે પણ ન જ કરવી જોઈએ. નહીં તો મજાને સજામાં ફેરવાતા વાર નથી લાગતી. એટલે આ પ્રેન્કનો પ્રાપંચ ના કરવો.

કેમ કે, ખરેખર જે મજાક હોય એમાં કોઈને નીચા દેખાડવાનો કારસો ન હોય, પોતાને ચડિયાતા ને બીજાને ઉતરતા બતાવી હાંસી ઉડાડવાની ખોરી દાનત ના હોય. અને જે મજાકમાં આ બધું આવે એ મજાક તો ન જ કહેવાય. એટલે હવે પછી કોઈની પણ મજાક કરતા પહેલા આપણી મજાકથી અન્યનું સ્વમાન ઘવાતું નથી ને? એ ધ્યાન રાખવું જરૂરી છે. દરેક મજાક સમય, સ્થળ , કાળ પરિસ્થિતિ જોઈને કરવી જોઈએ. કોઈ ન પહોંચતા કે આર્થિક રીતે તંગ હાથવાળા વ્યકિતને આપણે જયારે તમે તો બહુ કંજૂસ છો, લોભિયા છો, પૈસા નથી કાઢ તા, આવું આવું કહીએ છીએ અને એને મજાક ગણાવીએ છીએ. ત્યારે આ દરેક વાકય તેને તેના દિલ પર વાગતું હોય છે કે હું નથી સક્ષમ એટલે મને સંભળાવે છે. એ વ્યકિત પોતાને નીચી સમજે છે. જે તમને માત્ર મજાક લાગે છે એ બીજાને કરવતની જેમ કાળજે વાગતું હોય એમ પણ બને.

તો કયારેય આ રીતે કોઈની લાગણી દુભાય એવી મજાક કે પ્રેન્ક કરવાની. મજાક પણ મજાકથી મજાકની રીતે અને માત્ર મજાકના ભાવથી જ કરાય. કંઈ બતાવી દેવા, પુરવાર કરવા નહીં. ' મજાક એ છે જેનાથી મોજ થાય નહીં કે માનહાનિ થાય'.

તો પ્લીઝ મજાક પણ ચેતીને કરજો.

# રામ સુમંતહિં આવત દેખા, આદર કીન્હ પિતાસમ લેખા ।

વચ્ચે એક દિવસ કહયું, 'જાવ જાવ અબ ખા પી કે સો જાવ.''

ભગવાનના મુખથી 'જાવ' શબ્દ સાંભળવો આકરો લાગતો. મેં લખીને આપ્યું, 'ભગવાન ખાના પીના ઔર સોના તો ઘરમેં ભી કરનેકા હૈ. યહાં તો બૈઠને દીજીયે.'' જવાબ લખીને આપ્યો, 'કયાં યહ તુમારા ઘર નહી હૈ ? યદિ હાં તો જાઓ, ખાઓ ઔર સો જાઓ. ' મેં થોડી નારાજગીથી લખ્યું, 'ઠીક હૈ આપ ભગાનાં હી ચાહતે હો તો જા રહી હું'' તેમ કહી રૂમમાં જવા નીકળી. ફરી પાછી બોલાવી લખી આપ્યું, 'અરે બસ ખતમ જવાબમેં હી દુ:ખી અરે વાહ જી વાહ મજાકમેં ભી ગપાડા કરતી હો, અચ્છા જી અબ મજાકકો તલાક દે દેગે બસનાં ? પર નારાજ ન હો.''

ભાઈબીજનાં દિવસે સાંજે સંસ્કૃત વિદ્યાલયની બાજુનાં ખુલ્લા આંગણામાં સમુહમાં ભગવાન બિરાજતા હતા. તેટલામાં જયપુરથી બા–બાપુજી વિગેરે બધા આવ્યાં. ભગવાને કહયું, 'ચલો ઉઠો રમા સમ્હાલો તુમારે ઘર મહેમાન આયે હૈ.'' ભગવાનના બતાવ્યા પ્રમાણે બધાને તે મુકામે મુકવા ગઈ એન જોઈતી વ્યવસ્થા કરી આપી.

આ શબ્દોમાં કેટલી આત્મીયતા ! દરેક સાથે ભગવાન આમ વર્તતા. કોઈપણ આવે તેને પ્યારથી, 'કબ આયે ? સામાન કહાં હે ?'' ઉતારો આપી ભોજન કે ચા–પાણી માટે પુછતાં તેથી તો બધાંને અનુંભવાનું કે ભગવાન મારા જ છે, નાના મોટા કે ગરીબ તંવગરનો જોયા વિના પાત્રતા પ્રમાણે સૌને સ્નેહ આપતા.

સમદરથી હે નામ તિહારો....

ચતુર્થી જન્મોત્સવ પ્રેમભાવથી ઉજવાયો.


(૫૧) રામકૃપા નાશહિ સબ રોગા...

નેત્રયજ્ઞ શરૂ થયો. મેં માઈનોર વોર્ડમાં સેવા સ્વીકારી લગભગ બસો જેટલા દર્દીઓ વોર્ડમાં હતા અને વોર્ડમાં કામ કરનારા એક ભાઈ અને અમે બે જ બહેનો હતા. પ્રમોદવનમાં વોર્ડ બાંધવામાં આવેલ.

રામ કુમાંતિ સચિવ સંગ જાહી, દ્રેખી લોગ જહ તઈ મિલખાહી।

નહી. ખુબ લાંબી ઓસરી જેવું, પાકું મકાન હતું. જેથી પહેલા દર્દીથી છેલ્લા દર્દી સુધી દવા, ભોજન કે બીજા કોઈપણ કાર્ય માટે લાંબુ ચાલવાનું રહેતું. સવારે ભગવાનના દર્શન કરી કામે લાગતા તો છેક રાતે અગિયાર સુધી વોર્ડમાં જ રહેવાનું થતું. હવે તો ઠંડી પણ ચાલુ થઈ ગયેલી. કામ ચાલુ થયા બાદ રોજ સાંજે અમે બંને બહેનો વારાફરતી દર્શને જતાં એક દિવસ હું ગઈ ત્યારે ભગવાને પાણી માંગ્યું. એકાદ ઘુંટડો પીને બીજુ મોઢ ામાં ભરી પલંગ પર બેઠા બેઠા જ સામેની દિવાલ પર પિચકારી મારી અને ગ્લાસ પર ઢાંકવાનું સ્ટીલનું ઢ ાંકણુ અમારા તરફ ફેંકયું. પછી કાંઈ ન સમજાય તેવું બોલતા હતા. પછી પોતાનાં તકિયા અમારા તરફ ફેંકયા. થોડીવારે પોતે પહેરેલ અચલાનો છેડો નીચેથી ફાડી નાખ્યો. આ બધી ન સમજી શકાય તેવી ક્રિયાઓ હતી. થોડીવાર શાંત સુઈ રહયા. અને પછી વસ્ત્રો બદલી એકદમ સ્વસ્થ બની ગયા. આનો મતલબ જરૂર કોઈનું ગાંડપણ લીધુ હશે કારણ પ્રાણીમાત્રનાં દુ:ખ પોતે ભોગવી લે તેવી ભાવના સેવતા. ઘણીવાર ઘણાંનાં અસાધ્ય રોગ પણ ભોગવતા મને બરાબર સાલ યાદ નથી પરંતુ રામ નવમી પર ચિત્રકુટમાં જ આવી એક ઘટના નજરે જોયેલી છે.

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)


સંપાદક : મહેન્દ્ર સી. જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)




મુંબઈનાં એક સજજન દંપતિ ભગવાન પ્રત્યે ખુબ જ શ્રદ્ધા સાથે પુજયભાવ ધરાવે છે. તેમ જ ભગવાનનાં કૃપાપાત્ર છે દરેક રીતે સુખી છે. તેમને ત્યાં બાળકોનો જન્મ પણ ભગવાનનાં આશીર્વાદથી જ થયેલો. ભગવાનનાં અલૌકિક અનુભવો પણ અનુભવતા હતા. તેમનો નિયમ હતો. વર્ષનાં ત્રણ ઉત્સવ રામનવમી, ગુરૂપુર્ણિમાં અને જન્મદિન કારતક સુદ ચોથ પર ભગવાન ભારતના ગમે તે ખુણે હોય ત્યાં ઉત્સવમાં જવું. રામ–નવમી પર તેમનાં માટે ભગવાને ગુફા તૈયાર રખાવેલી. તે ભાઈ નો તાર આવ્યો કે તેમનાં પત્નિને કેન્સરની તકલીફ છે. તેથી તેઓનો ચિત્રકુટ આવવાનો પ્રોગ્રામ બંધ રહયો છે. ભગવાને તાર વાંચી કહયું, 'ઉન્હે તાર દે દો કેન્સર હૈ આ જાવ'' તેઓ આવ્યા.બહેનને તાવ હતો. ગળા પર ગાંઠ હતી. પ્રણામ કરતાં રડી પડયાં. ભગવાને કહયું, 'ઈધર આવ કહાં હૈ તુમારા કેન્સર ? તુમ યહ ભૂલ ગઈ કી કેન્સરકા સેન્સર મૈ હું કુછ ભી નહી. હૈ જાવ ગંગાજીમેં સ્નાન કરકે આવ. '' મંદાકિનીજીમાં સ્નાન કરીને આવ્યા અને સ્વચ્છ થઈ ગયા.

રામ સત્ય તુમ જો કછુ કહહુ, તુમ પિતુમાતુ બચનરત અહહું ।

આ રીતે અનેક જીવો પર પ્રભુની કૃપા વરસતી જ રહી છે. ઘણી વાર કોઈ આ રીતે તકલીફમાં હોય તો ભગવાન પાસે પોતાનાં દુ:ખ રજુ કરી કૃપાયાચનાં કરતા ત્યારે તેમને જળ મંત્રીને પણ આપતા. એક બોટલમાં જળ ભરાવી ખુલ્લી બોટલ પોતાની નજર સમક્ષ મુકાવતા અને સહજ રીતે, 'મૈ કુછ જાનતા નહીં યે લોગ માનતે નહીં. 'તે રીતે ત્રણ ચાર વાર બોલી બોટલ બંધ કરાવી આપી દેતા અને તેથી ઘણાંને લાભ થતો. આવા પ્રસંગે એમ પણ બોલતા, 'ભાઈ શરીર રોગોંકી ખાન હૈ, ગૃહસ્થ શોકોંકી ખાન હૈ.'' પરંતુ ભગવાનની છત્રછાયામાં, ''દૈહિક, દૈવિક ભૌતિક તાપા, રામરાજ નહીં કાહુહિ વ્યાપા.''

ચિત્રકુટ નેત્રયજ્ઞ દરમ્યાન ગાંડપણની લીલા બાદ બીજા દિવસે વોર્ડમાંથી પરવારી દર્શને ગયા. બધા બેઠા હતા તેમાં એક બહેન ભગવાનની સામે બેઠા બેઠા હાથમાં રાખેલ બેટરી ચાલું બંધ કરતા હતા. આ જોઈ કહયું. ''તુમાારી ઉંમર કિતની હૈ ?'' લગભગ સતર વર્ષનાં બહેન હતા. ભગવાને કહયું, 'કામ તો પાંચ સાલકે બાલક જૈસા કર રહી હો. બિના કારણ ટોર્ચ ચાલુ બંધ કર્યો કરતી હૈ ?'' આ રીતે ઝીણી ઝીણી દરેક બાબતો પ્રત્યે ધ્યાન ખેંચતા. નેત્રયજ્ઞનાં બાંધકામમાં પણ સુતળીનાં નાના નાના ટુકડાઓ જોડીને તેને કામમાં લેવા જણાવતા. એક ખીલી પણ સાચવી રાખવા કહેતા. ધર્માદાની એક પાઈનો પણ દુરૂપયોગ થવા દેતો નહીં. ત્યાં સુધી કે કોઈ મિઠાઈનું પેકેટ લાવી ધરાવતું ત્યારે તેના પર વીંટાયેલો દોરો પણ સારી રીતે વીંટાળીને સાચવવા કહેતા અને જરૂર પડતાં યાદ રાખી તેનો ઉપયોગ પણ કરાવતા. ૧૯૫૩માં ગુના નેત્રયજ્ઞમાં એક દિવસ શાકભાજીનો હિસાબ જોતા કહેલું, 'અરે યહ કયા ? પન્દ્રહ રૂપિયે કા હરા ધનિયા ? યહાં પર સેવા કરને આયે હો તો કયા પન્દ્રહ રૂપિયે કા હરા ધનિયા ? યહાં પર સેવા કરને આયે હો તો કયા પન્દ્રહ દિન ધનિયે કે બિના નહીં ચલા સકતે ? યહ ધર્માદાકા પૈસા હૈ.'' ગુજરાતી રસોડામાં અચાનક જઈ દાળ, શાકના તપેલા ખોલી જોતા અને કહેતા ઈતનાં તેલ ? ડિબ્કા હી ઉલટ દેતે હો કયાં ? ગુડ ખાય ઘોડા ઔર તેલ પિયે જોડા, થોડા તો વિચાર કરો.'' તે દિવસે એક બહેનને ભગવાને અમુક વ્રત કરવા બાબત જણાવ્યું ત્યારે મેં કહયું, 'ભગવાન મૈ તો કોઈ ભી વ્રત નહી કરતી.'' મને કહયું, ''તુમ હરિતાલિકા (કેવડાત્રીજ) કા વ્રત કિયા કરો.'' મેં પુછયું, 'ભગવાન ઉસમે કયાં કરના હોતા હૈ.'' તો કહયું, 'નિર્જલ વ્રત કરના ઔર કુછ ભી નહીં.'' પરંતુ

રામહિ માતુ વચન સબ માયે, ઝિમિ સુરસ રિગત સલિલ સુહાયે ।

કેવડાત્રીજની વાર્તાની ચોપડી વાંચતા, તેમાં જાગરણ કરવાનું લખ્યું હોવાથી ઘેર આખી રાત એકલી બેઠી બેઠી આખો માનસજીનો પાઠ કરી જતી.

તે જ દિવસે રાત્રે એક ભાઈ ભગવાનનાં એક સરખા આઠ–દસ ફોટા લઈ સહી કરાવવા આવ્યા. ભગવાને પુછયું, 'ઈતને ફોટોકા કયા કરોગે ? તેમણે કહયું, 'ભગવાન યે મેરી માસી કે લિયે, ફઈબા કે લિયે, મામા કે લિયે, મિત્ર કે લિયે' વિગેરે ભગવાને પહેલા જ ફોટામાં સહી કરી, 'યદિ અપને ગુરૂકો હી કિસીકો દે દોગે તો ફિર તુમારે પાસ કયાં રહેગા.'' એમ લખી બીજા ફોટા એમ જ પાછા આપ્યા. તે ભાઈ તે દિવસે સવારે ભગવાનની આજ્ઞા લઈ શ્રી કામદગીરિની દંડવત પરિક્રમા કરવા ગયેલા અને આશીર્વાદ માંગેલા કે ભગવાન પરિક્રમા પુરી કરાવી દેજો. રાત્રે તેઓ થાકેલા આવ્યા. ભગવાને પુછયું, 'કયોં પરિક્રમા પુરી હો ગઈ ? '' નિરાશાથી કહયું, 'ભગવાન સાવ થોડા માટે રહી ગઈ અર્ધો ફર્લાંગ માંડ બાકી હશે પરંતુ છેલ્લે મારાથી ઉઠાતું પણ નહોતું. તેથી આવતો રહયો, 'ભગવાને તેમને નિરાશ જોઈ રહયું, 'અચ્છા મૈ કહતા હું ન પુરી હો ગઈ બસ. તે સાંભળતાની સાથે તેઓ બોલી ઉઠયા, 'ભગવાન તો પછી આ ભાઈ પાસેથી મને સો રૂપિયા અપાવો.'' આ સાંભળી ચકિત થઈ પુછયું, 'કયોં ?'' ''ભગવાન, મે તેમની સાથે શરત લગાડેલી.'' ભગવાન હસવા લાગ્યા કહયું, 'ઈસીલિયે તુમારી પરિક્રમા અધુરી રહ ગઈ. ''પણ તમે કહયું ને પુરી થઈ ગઈ. ''દેખો વૈસે અધૂરી રહી પર તુમ ઈનકો પૈસે નહીં દેના ઔર મેરે કહેનેસે પુરી હો ગઈ પર તુમ ઈસસે લેના નહી.''

હવે તો નેત્રયજ્ઞમાં ધીરે ધીરે દર્દીઓની સંખ્યા વધવા લાગી. વારાફરતી થોડો સમય મળતાં દર્શને જતા, ત્યારે કોઈને કોઈ કારણસર દ્વાર બંધ રહેતા. નિરાશ થઈને પાછા ફરતાં. આ રીતે એક બે દિવસ નહીં અઠવાડિયું નીકળી ગયું.। પછી તો ધીરજ ન રહી. એક દિવસ અમે બન્ને બહેનો વાત કરતા હતા કે આજે રાત્રે આપણે સુવાની બે ગોળી લઈને સુઈ જશું તો શાંતિથી ઉઘ તો આવી જાય. કારણ આટલા દિવસ દર્શન ન થતાં રાત્રિએ નિરાશામાં ઉઘ ન આવતી અને પછી દિવસે કામ પણ થઈ શકતું નહી. અમે દર્દીઓને આરામ માટે પચ્ચીસ મીલીગ્રામની લાર્જેકટીલની બે ગોળી આપતાં. તેઓ લગભગ ત્રણ કલાક આરામથી સુઈ શકતા. તેથી આ વિચાર કરેલો. આ વાત એક **(ક્રમશઃ)**

---

### શિયાળામાં ગરમી આપશે આ નાનકડું ફળ

# બોર કેન્સરના કોષ સામે લડશે, શરદી-ખાંસીમાં આપશે રાહત

**શિયાળાની ઋતુમાં એવા ફળ ખાવા જોઈએ, જે શરીરને ગરમી પ્રદાન કરે, આવા ખોરાકથી શિયાળામાં બીમારીથી બચી શકાય છે**

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. હવે ખેતરમાં બોરડીના ઝાડ પણ બોર ઉગવાનું શરૂ થઈ જશે. ગુલાબના ફૂલની જેમ બોર તોડતી વખતે પણ કાંટા વાગે છે અને લોહી નીકળે છે. પરંતુ તેમ છતાં એનો સ્વાદ એટલો મીઠો હોય છે કે, લોકો તેને તોડ્યા વગર રહી શકતા નથી. જોકે તેઓ જાણતા નથી હોતા કે આ બોર સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક છે.

શિયાળો પૂરો થતાંની સાથે જ તેઓ ફરીથી અદશ્ય થઈ જાય છે. ઘેટાં અને બકરાં આ ઝાડનાં પાન ખાય છે. આ પ્રાણીઓ માટે આ પાંદડા ખૂબ જ ફાયદાકારક છે. બોરના પાંદડાઓને રાજસ્થાની ભાષામાં પાલો પણ કહેવામાં આવે છે. આયુર્વેદિક ડૉક્ટર અમિત



ગેહલોતના જણાવ્યાનુસાર, બોર ખાવાના ઘણા ફાયદા છે. બોરની તાસિર ગરમ હોય છે. તેથી તેને શિયાળામાં ખાવામાં આવે છે.

તેનું સેવન કરવાથી પાચન શક્તિ મજબૂત બને છે. તેનાથી શરીરમાં ગરમી જળવાઈ રહે છે, જે શરદી અને ખાંસીમાં રાહત આપે છે. રોગપ્રતિકારક શક્તિ પણ વધારતા બોર કેન્સરના કોષો સામે લડવામાં પણ મદદરૂપ થાય છે. તેનું સેવન કરવાથી ઊંઘ સારી રીતે આવે છે.

આ ઉપરાંત, બોરમાં વિવિપોલિફેનોલ્સ, પોલિસેકે રાઈડ્સ, ન્યુક્લિયો ટાઈડ્સ, એમિનો એસિડ્સ, ડાયેટરી ફાઈબર, ફેટી એસિડ્સ, આલ્કલોઈડ્સ જૈવ સક્રિય પદાર્થો હોય છે, જેની શરીરને જરૂર હોય છે. ડૉ. અમિત ગેહલોતે વધુમાં જણાવે છે કે, બોરમાં કેલરી ઓછી હોય છે, પરંતુ તેમાં ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સ પુષ્કળ પ્રમાણમાં હોય છે.

ઉચ્ચ ફાઈબર અને ઓછી કેલરી હોવાને કારણે બોર સ્વાસ્થ્ય માટે ફાયદાકારક ફળ છે. બોર વિટામિન સી અને પોટેશિયમથી ભરપૂર હોય છે. જે માંસપેશીઓના નિયંત્રણ અને ઈલેક્ટ્રોલાઈટ સંતુલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત બોરમાં કુદરતી સુગરના રૂપમાં કાર્બોહાઈડ્રેટ પણ હોય છે, જે શરીરને ઊર્જા પ્રદાન કરે છે.

---

# હાસ્યધર્મથી ''દીકરી'' ને વધાવીએ

અમારા ગ્રૃપમાં આજે એક સાહેબને ત્યાં દીકરીનો જન્મ થયો એટલે ગ્રૃપમાં ખુશીનો પાર નહોતો કેમ કે દેવાંશુભાઈને ત્યાં પણ દીકરીનો જન્મ થયો એટલે આજે બધાએ દીકરી પર જ વાત કરવા નકકી કર્યુ કેમ કે બધાએ ગ્રૃપમાં જ તેમનાં જન્મદિનને વધાવવાનું નકકી કર્યુ કેમ કે ભગવાન બધે નથી પહોંચી શકતા એટલે સ્ત્રીનું સર્જન કરે છે.

દીકરીનાં જન્મ સમયે માં બાપ તો ખુશ થાય પણ સૌથી વધુ ખુશ ભગવાન થાય છે કેમ કે સૃષ્ટિ સર્જનમાં આ દિવડા રૂપી દીકરીનો સિંહ ફાળો મળતો રહે છે. ત્યાં તો અમારા એક સાહેબ કે દીકરા કે દીકરીનાં જન્મમાં ઈશ્વરનાં આશીર્વાદ હોય છે. પણ દીકરીના જન્મમાં તો એમ કહેવાય કે આશીર્વાદ સ્વરૂપે ઈશ્વર અવતર્યા, એક ભાઈને કોઈએ પુછયું દુનિયામાં સૌથી ાવધુ ખુશી કઈ તો તેમણે કહયું મારી દીકરીનો જન્મ થયો તે ક્ષણ અમૂલ્ય ક્ષણ દીકરી એટલે એક વાકયમાં કહીએ તો ઈશ્વરે આપણને આપેલું કન્યાદાન ત્યાં અમારે એક સાહેબ કે એક સ્પર્ધા હતી. ખુશી પર લખવાની મે આખા પાનામાં કશુ ન લખ્યું માત્ર'' મારી દીકરી'હ અને મારો સ્પર્ધામાં પ્રથમ નંબર પણ આવ્યો દીકરીનાં તો જેટલા ગુણવાન ગાઈએ તેટલા ઓછા ત્યાં અમારે એક સાહેબ કે દીકરી અવતરે એટલે ઈશ્વરનાં આશીર્વાદ નહી. પણ ''દીકરી અવતરે એટલે આશીર્વાદમાં મળેલ ઈશ્વર ' આમ ઘણી બધી વાતો ગ્રૃપમાં થઈ અને સાચે જ દીકરીનો મહિમા જાણવા મળ્યો. દીકરી તો છે તુલસીનો કયારો ત્યાં તો અમારા ગ્રૃપનો રઘુ હસતા હસતાં કે આપ સૌના ઘરમાં પત્ની સ્વરૂપે છે તે પણ કોઈકની દીકરી જ છે તે ઘરની લક્ષ્મી છે. તે દીકરી જ ઘરની ધરોહર છે.

દીકરી જ ઘરની શોભા સજાવટ છે. વહુ દીકરી જ ઘરની શોભા સંસ્કૃતિ છે. સંસ્કૃતમાં તો કહેવત છે કે ''યત્ર યત્ર નાર્યસ્તુ પુજયન્તે રમન્તે તંત્ર તંત્ર દેવતા.'' જયાં જયાં સ્ત્રીઓનું દીકરીઓનું સન્માન થાય છે. ત્યાં ત્યાં ઈશ્વર ખુબ જ ખુશ થાય છે. સમજી ગયા ને... ઘરની લક્ષ્મીને હસતી રાખીએ ! એટલે મુશ્કેલીઓ પણ આપો આપ ખસતી રહેશે. હસતા રહો, હસાવતા રહો. – **મયુર દવે.**

---

### હાઈવોલ્ટેજ લાઈનના તારને અડતા જ માણસને કરંટ લાગે છે

# જમીન સાથે સંપર્ક ન હોઈ પક્ષીઓને હેવી લાઈન પર કરંટ નથી લાગતો


**માણસ જમીનને અડીને રહેતો હોઈ તેને હાઈવોલ્ટેજ તારના સંપર્કમાં આવવાથી તરત જ કરંટ લાગે છે**

એવી ઘણી વસ્તુઓ છે કે જે આપણે રોજ જોતા હોઈએ છીએ,પરંતુ તેની પાછળનું કારણ આપણે જાણતા નથી.

આપણી નજર આ ઘટનાઓ રોજ જોતા કોઈ નવાઈ નથી લાગતી, એટલે આપણે તેને કોઈ અજીબ નથી માનતા.

ઉદાહરણ તરીકે એક હેવી લાઈન તાર પર બેઠેલા પક્ષીઓ તમે જોયા હશે પરંતુ તેમને ક્યારેય વીજળીના તારમાંથી કરંટ નથી લાગતો, પરંતુ જો કોઈ માણસ તેને અડી જાય તો ત્યાજ ભસ્મીભૂત થઈ જાય છે. પરંતુ ખરેખર વિચાર એ આવે કે કેમ પક્ષીઓને કરંટ નથી લાગતો.

આ વાતને સંપુર્ણ



સમજવા માટે તમારે વીજળીના પ્રવાહના નિયમને સમજવો પડશે. વીજળીના તાર દ્વારા એકથી બીજા મીડિયમમાં પ્રવાહિત થાય છે.

વીજળી આ રસ્તે સારી રીતે પસાર થઈ શકે છે, જ્યા તેને કોઈ અવરોધ ન મળતો હોય. એવામાં વીજળીનો પ્રવાહને સારી રીતે ફલો કરવા માટે તાંબાનો ઉપયોગ કરવામાં આવે છે. એવુ કહેવામાં આવે છે કે પક્ષીઓના શરીરમાં એવા કોશો અને પેશીઓ હોય છે, જે તાંબાના તારમાં પ્રતિકાર બનાવે છે અને વીજળીના પ્રવાહને અસર કરે છે.

તારમાંથી નીકળતો કરંટ પક્ષીઓના શરીરને અસર કરતું નથી આ વાત આપણે સૌ જાણીએ છીએ.

અહી મહત્વની વાત એ છે કે જો પક્ષી આ તારની સાથે જમીનના સંપર્કમાં આવે તો અર્થિંગ સર્કિટ કંમ્લીટ થઈ જશે અને પક્ષીને વીજળીનો કરંટ લાગશે.

માણસોની સાથે પણ આવુ જ થાય છે. જ્યારે વ્યક્તિનું શરીર જમીન સાથે સંપર્કમાં હોય છે, ત્યારે જ તેને ઈલેક્ટ્રિક કરંટ લાગે છે. એટલે કે અર્થિંગ સર્કિટ પૂર્ણ થવાને કારણે આવું બનતુ હોય છે. આ છે તેની પાછળનું રહસ્ય.....!

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**સુંદર જીવન યાત્રા– શકિતશાળી ઔષધ**

**મારો અભાવ મોરની માફક ટહુકશે,**

**ઘેરાશે વાદળ અને હું સાંભળી જઈશ.**

**(મનોજ ખંડેરીયા)**

મૃતયુ એ જીવનની કારમી કરૂણા નથી. ખરેખર તો મનુષ્યનાં વ્યકિતત્વલોપની છે. કોઈકનાંા પ્રેમની ઉષ્માભર્યા હુંફાળા શબ્દો – સંબધો અને પરસ્પરના હાથમાં હાથ મિલાવી સ્પર્શનાં આનંદનાં પોષણથી વંચિત રહેવું. એકલવાયા ઝુરતા ઝુરતા સંબંધોના સગપણ વગર જીવવું – તે.

હવે આધુનિક મેડીકલ સાયન્સ પણ કબુલ કરે છે. કે હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં જે સાધનો જોવા મળે છે. એ બધા સાધનો કરતા તમારી આપણી દેખભાળ કરતા સ્વજનો વધુ ઉષ્મા જીવત આપે છે. પળેપળની નોંધ રાખતા ઈલેકટ્રીક સાધનોની હાજરી કરતાં તમારા સ્નેહાવી સ્વજનો અત્યંત જરૂરી આરામ આપે છે. મનની શાંતિ સામ વિચારો

ઈલેકટ્રીક સાધનો અત્યંત ઉપયોગી અને ખુબ સારા છે. પરંતુ એ બધા સાધનોની આસપાસ પડેલ દર્દી સતત ગભરાય છે. કટોકટીને વધુ ગંભીર બનાવે છે.

જોન હોયકિન્સ યુનિવર્સિટીનાં મેડીસીનનાં વડા ડો.જેરામી ડી.ફ્રેન્કે પોતાનાં વિદ્યાર્થીઓને પદવીદાન સમારંભમાં કહયું કે દર્દીની જે સારવારમાં પ્રેમ લાગણી – (આત્માની) માવજત આવતી નથી. તે સારવાર અધુરી છે.

ઈગ્લાંડમાં થયેલા એક અયયનો દાખલો આપી એમણે કહયું કે હૃદયરોગનાં હુમલાવાળા કેટલાક દર્દીઓને ધનિષ્ઠ સારવાર કેન્દ્રમાં સારવાર અપાઈ હતી. પરંતુ ધનિષ્ઠ –સારવાર – કેન્દ્રવાળા દર્દીઓ પેલા– બીજા પ્રકારનાં દર્દીઓ કરતા ઝાઝું જીવી શકયા હોય તેવું કોઈ પ્રમાણ મળ્યું નથી. યંત્રોથી ઘેરાયેલા દર્દીઓને કટોકટીનું વાતાવરણ એક માનસિક ચિંતા, ભય, દબાણની લાગણી પેદા થાય છે.

બીજા એક ભાષણ




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


દરમિયાન એક બીજા અધ્યયની વાત કરી. આ અધ્યયનમાં કેન્સરનાં ૧૭૬ દર્દીઓ કોઈપણ જાતની વાઢકાય, કિમો થેરેપી – દવાદારૂ વગર જ સાજા– સારા થઈ ગયા હતા. આનું કારણ શું હોઈ શકે ? અનેક સંશોધનોએ સાબિત કર્યુ છે. કે દર્દીનો આત્મ વિશ્વાસ, ઈશ્વર ઉપર શ્રધ્ધા–પ્રેમ, ડોકટરનો સૌથી મોટો સહાયક છે. દર્દીને પોતાનાં મનોવલણ જીવન માટે હકારાત્મક હોય તો બીજી કોઈ દવા (માનસિક તાકાતથી) વધુ સારી નથી. દર્દી પોતાનાં મિત્રો, સ્વજનો, પ્રેમની હુંફથી જલદી સામે થઈ શકે છે. સ્વજનો, મિત્રો, અને પ્રેમ સૌથી શકતશાળી ઔષધ છે.

**:: વિધાયક વિચારોનું કાર્ય ::**

સંખ્યાબંધ ડોકટરોએ વિધાયક ઉર્મિઓ વિશે સંશોધન કર્યુ છે. ઈગ્લેનડનાં જર્નલ ઓફ મેડીસીનમાં લેખ પ્રગટ થયો છે. તેમાં શરીર ઉપર આનંદ – હકારાત્મક વિચારોની શરીર ઉપર થતી રાસાયણિક અસરોનો ફેરફાર જોયો છે. ડો.કાર્લ સાયમન્ટને કેન્સરનાં કારણ તરીકે ઉર્મિઓની તાણને ગણાવતો દસ્તાવેજ રજુ કર્યો હતો. તે સામે ડો.ઈમ્બોડન એન ડો.કેન્ટરે હતાશા – નિરાશાની શરીર ઉપર જે અસર થાય છે. રોગ પ્રતિકારક શકિત ઉપર અસર થાય છે તે દસ્તાવેજ રજુ કર્યો હતો. સાર એ છે કે આપણે સૌએ આ મહામૂલી જિંદગી મળી છે. તેનો સતત આનંદ માણવો ....! હાસ્ય પણ એટલી જ અસરકારક દવા છે. હવે તો ગામે ગામ લાફીંગ કલબ ખુલી છે. પરંતુ જાન, આનંદ અને શ્રધ્ધા – પ્રેમ ધરાવતું હોય તો વધુ સારૂં છે.

નોર્મન કઝીન્સનું એક સરસ પુસ્તક છે '' જીવવાનો ચાન્સ ૫૦૦ માં ૧'' એક અસાધ્ય રોગનાં દર્દીની હેરતભરી કથા છે. આ કથાનો સાર એ છે કે જીવનયાત્રાને આનંદ ઉત્સાહ – પ્રેમથી શણગારવી પ્રભુએ આપેલું મહાવરદાન પારસમણીને સદૈવ ચળહળતો રાખવો. પ્રબળ જાજીવિષા ખુલ્લા દિલનું ખડખડાટ હાસ્ય. પોઝીટીવ વિચારોએ આપણા હાથવગા ડોકટર છે. ડોકટર ડાયેટ, ડોકટર કવાયે છે. ડોકટર મેરી હંમેશા સાથ આપેલો (ખોરાક–શાંતિ) હસતો શહેરો હૃદયનાં (આનંદ) ઉત્સાહને ગતિ વધારે છે. **(અપુર્ણ)**

---

# ઈંડુ પોષણનાં નામે મીડું, ઈંડુ કોઈપણ રીતે શાકાહારી નથી

ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ ઈંડાનાં આહારની તરફેણ કરતી નથી. અથર્વ વેદ (૮–૬–૧૨) માં સ્પષ્ટ જણાવ્યું છે કે 'ઈંડા અને માંસ ખાનારા દુષ્ટોનો હું વિનાશ કરૂં છું.''

ધાણા તથા ઈંડાની સરખામણી કરીને બંનેમાંથી કઈ વસ્તુ શ્રેષ્ઠ છે તે નકકી કરીએ. ૧૦૦ ગ્રામ વજનનાં બે ઈંડામાં ૧૩.૩ ગ્રામ પ્રોટિન, ૧૩.૩ ગ્રામ ચરબી, ૧.૦૦ ગ્રામ ખનિજ તત્વ, ૦.૦૬ ગ્રામ કૌલ્શિયમ, શુન્ય કાર્બોહાઈડ્રેટ , ૦.૨૨ ફોસ્ફરસ, ૨.૧ ગ્રામ લોહતત્વ હોય છે અને તેમાંથી અને તેમાંથી ૧૩.૭ કેલેરી મળે છે. જયારે ૧૦૦ ગ્રામ ધાણામાં ૧૪.૧ ગ્રામ ધાણામાં ૧૪.૧ ગ્રામ પ્રોટિન, ૧૬.૧ ગ્રામ ચરબી, ૪.૪ ગ્રામ ખનિજ તત્વ, ૦.૬૩ ગ્રામ કૌલ્શિયલ, ૨૧.૬ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૦.૩૭ ગ્રામ ફોસ્ફરસ, ૧૭.૯ ગ્રામ લોહતત્વ હોય છે અને તેમાંથી ૨૮૮ કેલરી પ્રાપ્ત થાય છે. ઈંડા ખાવાથી મોટા આંતરડામાં કેન્સર થઈ શકે છે. યાદ



રહે, ઈંડામાં પાચક રેસાઓ નથી આ સ્વાસ્થ્યને હાનિકારક નિવડી શકે છે.

મુંબઈ સ્થિત હાકકીન ઈન્સ્ટિટયુટનાં નિષ્કર્ષ અનુસાર આહારના સ્વરૂપમાં ઈંડા હાનિકારક છે. તે શરીરમાં હાઈ પર એસિડિટી ઉભી કરે છે. ઈંડા ખાવાથી ગાંઠિયો –વા (રૂમોટાઙ), ગાઉટ (ઢિંચણમાં પાણી જામવું) જેવી વાતજન્ય બિમારીઓ થાય છે. ખાસ કરીને વૃધ્ધાવસ્થામાં આ બિમારીઓ ખતરનાક અને કષ્ટદાયક નિવડે છે. સુપ્રસિધ્ધ અમેરીકન વૈજ્ઞાનિક ફિલિપ જે. સ્કેમ્બલના મતે કોઈ ઈંડા નિર્જીવ નથી. મિશિગન યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકોએ તો સોઈ ઝાટકીને પુરવાર કરી દીધું છે. કે દુનિયામાં કોઈપણ ઈંડું સેવાયેલું કે નહી સેવાયેલું, નિર્જીવ હોતું નથી. ઈંડાની મેથી સાથે સરખામણી કરતા જણાય છે કે ઈંડામાં ૧૩.૩ જયારે મેથીમાં ૨૬.૨ ગ્રામ પ્રોટીન હોય છે. (વજન ૧૦૦ ગ્રામ) સમાન વજનનાં ઈંડામાંથી ૧૭૩ કેલેરી મળે, જયારે મેથીમાંથી ૩૩૩ કેલેરી પ્રાપ્ત થાય છે. વધુમાં વુધ મેથી કોલેસ્ટ્રોલની સફાઈ કરે છે. જયારે ઈંડા કોલેસ્ટ્રોલનો સમૃધ્ધ સ્ત્રોત છે.ઈંડા, માંસ ઈત્યાદિ ચીજોમાં રહેલા પ્રોટીનને મનુષ્યનું શરીર પચાવી શકતું નથી. ઈંડા ખાવાથી શરીરમાં લોહીનાં ભ્રમણની ગતિ મંદ થાય છે. અને હૃદયની સ્વાભાવિક ગતિમાં અવરોધ ઉભો થાય છે. **– મિતલ ખેતાણી**

**મો.૯૮૨૪૨ ૨૧૯૯૯**

# વડિયા ખાતે અવધ મોબાઈલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સનો દબદબાભેર પ્રારંભ






વડિયા ખાતે મોવલીયા પરિવાર ધ્વારા અવધ મોબાઈલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ શો–રૂમનો દબદબાભેર પ્રારંભ સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોના હસ્તે કરવામાં આવેલ. જયાં સુપ્રસિધ્ધ કંપનીઓનાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનું વેચાણ અને સર્વિસ આપવામાં આવશે. આ તકે સાજિક અને વેપારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભા પંથકમાં મોડી સાંજે**

આવી છે. જયારે ગીરના ગામડાઓમાં ભૂકંપના આંચકાથી મકાનોમાં તિરાડો પડી હોવાનું જાણવા મળેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીર પંથકના તાતણીયા, પીપળ વા, ખડાધાર, ગીદરડી, ચતુરી, નાની ધારી, ભાવરડી સહિતના ગામડાઓની અચાનક જ ધરા ધ્રુજી ઉઠી હતી. ભૂકંપનો આંચકો અનુભાવતા લોકો ભયભીત થઈ ગયા અને ભૂકંપનો એક આંચકો સાંજે ૭ – ૨૨ મિનિટે આવ્યો હતો. ધરતી કંપના આંચકાને લઈ ગાંધીનગર સોસ્મોલોજી વિભાગ દ્વારા ૨.૨ ની તીવ્રતાની પુષ્ટી પણ કરવામાં આવી છે.જયારે ગીરના ગામડાઓમાં ભૂકંપના આંચકાથી મકાનોમાં તિરાડો પડી હોવાનું જાણવા મળેલ છે.

અત્રે ઉલ્લખનીય છે કે ગત શિયાળામાં ખાંભા તથા સાવરકુંડલા પંથકના ગીરના ગામડાઓમાં સતત ધરતી કંપના આંચકા આવતાં હતા જેને લઈ આ પંથકના લોકો ભર શિયાળે ખુલ્લા આકાશ નીચે રાત વિતાવવા મજબુર બન્યા હતા. ત્યારે ગાંધીનગરથી ખાસ ટીમો પણ આ પંથકમાંઆવી અને ધરતીકંપ અંગે તપાસ હાથ ધરી હતી. ત્યારે આજે ફરી એક વાર ભૂકંપના આંચકાથી ગીરના ગામડાઓમાં ફફડાટ ફેલાયો છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલા માર્કેટયાર્ડની હડતાલનો**

જવાની પાબંધી ફરમાવી દેતા સામે સાવરકુંડલા માર્કેટ યાર્ડ વેપારી મહામંડળ દ્વારા માર્કેટયાર્ડના સત્તાધીશોને લેખિતમાં રજુઆત કરેલ છે કે, સાવરકુંડલા માર્કેટ યાર્ડમાં વેપારી દ્વારા અગાઉ ખરીદ કરેલ જણસમાં કોઈ વધઘટ થાય કે તે જણસ ખરાબ થશે અથવા તો ભાવમાં મોટી વધ ઘટ થાય અને વેપારીઓને નાનું મોટું નુકશાન થશે તો તે માટે થઈ સાવરકુંડલા માર્કેટયાર્ડની ઓથોરીટી સંપુર્ણપણે જવાબદાર રહેશે તેમ જણાવી દીધું છે.

ત્યારે હવે એપીએમસીના ચેરમેન દીપકભાઈ અને વેપારી વતી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રાજુભાઈ શિંગાળા મધ્યસ્થી થવાનો પ્રયાસ શરૂ કરી માર્કેટયાર્ડના સત્તાધીશો અને વેપારી અગ્રણી વચ્ચે બેઠકનો દોર શરૂ થયો છે. ત્યારે વેપારી અને ખેડૂત વચ્ચે સમાધાન થાય તેવા પ્રયાસોને બંને પક્ષો દ્વારા આવકારેલ છે.

સાવરકુંડલા યાર્ડ દ્વારા વેપારીઓએ હડતાળ પાડી છે ત્યારે ખેડૂતો પારાવાર મુશ્કેલી અને પરેશાન થયા છે અને મજૂરો પણ બેકાર થઈ ગયા છે. જયારે યાર્ડમાં મગફળી, કપાસના ઢગલા યથાવત પડયા છે. જેથી ખેડૂતોની આવેલ ખેતજણસોને ખરીદી શરૂ થાય અને ખેડૂતોની પરેશાની દૂર થાય તેવા પ્રયાસો શરૂ થયા છે. હાલમાં માર્કેટ યાર્ડ દ્વારા ખેત જણસો લઈને આવેલા ખેડૂતો માટે નાસ્તા, જમવાની અને સૂવાની વ્યવસ્થા માર્કેટયાર્ડના સત્તાધીશોએ કરી હોવાથી ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૧ | ૧૩૧૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૩૨ | ૧૪૯૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૩૩૭૦ |
| ૪ | તલ કાળા | ૨૮૫૦ | ૩૧૮૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૯૩૦ | ૩૯૩૦ |
| ૬ | બાજરો | ૪૯૭ | ૫૧૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૧૧૨૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૭૭ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | મગ | ૧૬૮૦ | ૧૬૮૦ |
| ૧૨ | ચણા | ૭૦૦ | ૧૨૦૪ |
| ૧૩ | કપાસ | ૧૦૨૧ | ૧૪૭૧ |
| ૧૪ | એરંડા | ૧૦૬૦ | ૧૧૧૮ |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ૧૬ | મેથી | ૯૩૦ | ૧૧૩૦ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૯૩૦ |
| ૧૮ | મરચા લાંબા | ૧૨૭૦ | ૩૫૭૦ |

બાલકૃષ્ણ દવે એવોર્ડ પ્રાપ્ત થનાર

# અમરેલીનાં કવિ હર્ષદ ચંદારાણાએ સાહિત્યકાર મહેન્દ્ર જોષીનું સન્માન કર્યુ

## રોહિણીબેન ચંદારાણાએ પણ શુભકામના પાઠવી

સાવરકુંડલા, તા. ૧૬



અમરેલીનાં મૂર્ધન્ય કવિ અને રઘુવંશી અગ્રણી હર્ષદભાઈ ચંદારાણા અને રોહિણીબેન ચંદારાણાએ સાહિત્યકાર અને કવિ મહેન્દ્રભાઈ જોષીનું તેમના નિવાસ સ્થાને નિમંત્રિત કરીને ભાવપૂર્ણ સન્માન કર્યુ. લોકસાહિત્યનાં પ્રચાર અને પ્રસાર માટે બાલકૃષ્ણ દવે સાહિત્ય સભા દ્વારા નક્કી થયેલ પ્રથમ 'બાલકૃષ્ણ દવે એવોર્ડ' મનુદાદાને અર્પણ થતા નાદુરસ્ત તબિયતના કારણે પહોંચી નહી શકનાર મૂર્ધન્ય કવિ હર્ષદભાઈ ચંદારાણા અને આદરણીય રોહીણીબેન ચંદારાણાએ પોતાના નિવાસસ્થાને આદર સાથે બોલાવી હૃદયના ભાવથી સન્માન કરતા દેખાય છે. એટલે જ કોઈકે લખ્યું હશે સ્નેહના તારો પરાણે કયાંય બંધાતા નથી દેહને બાંધો પણ દિલ બંધાતા નથી આવા દિલથી જોડાણ વાળા સ્નેહી સર્વ મિત્ર હર્ષદભાઈનું સાહિત્યકાર મહેન્દ્રભાઈ જોષી દ્વારા સસ્નેહ ઋણ પણ સ્વીકાર કરવામાં આવેલ.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાનાં એસ.ટી. ડેપોમાં**

છે મારા ઘરના સભ્યો પણ બધા દુઃખી છે અને ડેપો મેનેજર અવરનવાર મને હેરાન ગતિ કરે છે વિવેકભાઈ જાંબુકિયાના ધર્મપત્નીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે મારા પતિને અવારનવાર હેરાનગતિ છે અને અમોને આ મેડમ ખાર રાખી અને ખોટી રીતે હેરાન કરે છે આ બગસરા એસટી ડેપોમાં અગાઉ પણ એક ડ્રાઈવરે આ જ રીતે હેરાનગતિ હોવાથી દવા ગટગટાવી હતી. બગસરા એસટી ડેપોમાં ડ્રાઈવર કંડકટરોનો ત્રાસ હોવાનો ખુલાસો કર્મચારીઓ તો કરે જ છે પરંતુ આવું જ રહ્યું તો સતત નોકરીઉપર રાત દિવસ ડ્રાઈવિંગ કરતા ડ્રાઈવરો તથા કંડકટરો અપડાઉન કરતા હોય જો આવી મુસીબત્તી રહી તો તેમને નોકરી કરવી બહુ મુસીબત થઈ જશે અને તે ઘરવાળી છોકરાને મૂકીને કયાં ને કયાંથી નોકરી કરવા આવતા હોય અને આ ડેપો મેનેજર આવો ત્રાસ આપે તો કર્મચારીઓ ત્રાહિમામ પોકારી જાય છે. આ બાબતે જો તાત્કાલિક પગલા લેવામાં નહીં આવે તો કર્મચારીઓને કઈ રીતે નોકરી કરવી હાલ વિવેકભાઈ જાંબુકિયાએ બગસરા સિવિલમાં ફીનાઈલ દવા પીધેલ હોય જેથી ત્યાં ડોકટરે અમરેલી રીફર કરતા હાલ અમરેલી સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરેલ છે. આ બાબતે ઉચ્ચ અધિકારી ડીસી નિર્ણય લઈ યોગ્ય કરે તેવી કર્મચારીઓની માંગણી ઉઠી છે. બગસરામાં આ મોટો બનાવ બન્યો છતાં બગસરા પોલીસમાંથી કોઈ ફરકયું ન હતું.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૨ |
| ૨ | ચણા | ૧૦૪૫ | ૧૦૯૯ |
| ૩ | ધાણા | ૧૩૦૧ | ૧૪૨૫ |
| ૪ | સોયાબીન | ૮૯૧ | ૯૨૦ |
| ૫ | તલ સફેદ | ૨૯૦૫ | ૨૯૦૫ |
| ૬ | મગફળી | ૧૧૪૩ | ૧૨૯૨ |
| ૭ | બાજરો | ૫૧૧ | ૫૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૬૭ |
| ૯ | મગ | ૧૬૬૦ | ૧૬૬૦ |
| ૧૦ | તુવેર | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૧ | ચણા સફેદ | ૧૦૧૦ | ૧૨૭૫ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૯૨ |
| ૧૩ | અડદ | ૧૭૯૫ | ૧૭૯૫ |
| ૧૪ | લસણ | ૨૪૫૦ | ૨૪૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૪ | ૧૪૯૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૭૦ | ૧૦૬૬ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૪૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૧ | ૨૮૦૧ |
| ૩ | તલ કાળા | ૩૩૦૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૬૧ | ૫૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૮ | ૬૬૦ |
| ૭ | જુવાર | ૯૫૧ | ૧૩૨૫ |
| ૮ | મકાઈ | ૪૭૨ | ૪૭૨ |
| ૯ | મગ | ૧૬૦૧ | ૨૧૦૦ |
| ૧૦ | મઠ | ૧૩૦૧ | ૧૫૬૧ |
| ૧૧ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૨૦૫૨ |
| ૧૩ | ચણા | ૧૨૩૫ | ૧૨૩૫ |
| ૧૪ | તલ પીળા | ૩૫૦૦ | ૪૦૦૦ |
| ૧૫ | સોયાબીન | ૮૦૧ | ૯૦૧ |

તમાકુ સામે જાગૃતત્તા લાવવા માટે

# સાવરકુંડલા : સનરાઈઝ સ્કૂલમાં ત્વરીત નિબંધ સ્પર્ધા યોજાઈ

## તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા થયું આયોજન

સાવરકુંડલા, તા. ૧૬





રાજય સરકારના આરોગ્ય વિભાગનાં ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા વિદ્યાર્થીઓમાં તમાકુથી આરોગ્યને થતાં નુકસાન અંતર્ગત જાગૃત્તિ લાવવાના અભિયાનના ભાગરૂપે સનરાઈઝ હાઈસ્કુલમાં આજ રોજ તાલુકા હેલ્થ ઓફિસ સાવરકુંડલાની આર.બી.એસ.કે. ટીમના ડો. ઋત્વેક પટેલ, ડો. મનીષા પટેલ, ફાર્માસિસ્ટ શિવાંગી પંડયા દ્વારા તાલુકા હેલ્થ ઓફિસર મીનાના માર્ગદર્શન હેઠળ આજે તમાકું નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત ત્વરીત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું અને ત્વરીત યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ, બીજા અને ત્રીજા આવેલ વિધ્યાર્થીને પ્રોત્સાહન ઈનામ પણ તરત જ આપવામાં આવેલ હતું. જેમાં સ્કૂલના ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ, પ્રિન્સિપાલ સોનલબેન મશરૂ, વાઈસ પ્રિન્સિપાલ રાવલ અને સ્કૂલના શિક્ષકોનો ખૂબ સારો સહયોગ મળેલ હતો .

પાના ૮ ઉપરનું ચાલું **દુષ્કર્મ કરનાર આરોપી ઝડપાયો**

રહેતા ઠાકુર કહારૂ ડાવર નામના શખ્સે ગત તા. ૧૭/૧૧ના રોજ તરૂણીને કપાસના ખેતરમાં લઈ જઈને તરૂણી સાથે બળજબરી પુર્વક દુષ્કર્મ આચરેલ હોય, જેથી ભોગબનનારે આ બનાવની જાણ તેના માતાપિતાને કરી દેશે તેમ કહેતા આરોપીએ તરૂણીને જાનથી મારી નાખવાના ઈરાદે તેણીનુ મોઢુ પકડી જબરજસ્તીથી મોં ખોલી આરોપી પાસે રહેલ ઝેરી દવાની બોટલમાંથી ઝેરી દવા પીવડાવી દઈ તરૂણીને બેભાન કરી નાસી ગયો હતો.

આ ગુન્હો આચરી નાશી જનાર આરોપી ઝડપી પાડવા બાબરાના પોલીસ ઈન્સ. સી.એસ. કુગસીયા તથા પોલીસ સબ ઈન્સ. એ.એમ. રાધનપરા તથા પોલીસ સબ ઈન્સ. જે.એમ. અમરકોટીયાના માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા ગુન્હો દાખલ થતા જ ગણતરીની કલાકોમાં ગુન્હામાં સંડોવાયેલ આરોપી બાબરાના કોટડાપીઠાથી પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૫ | ૧૪૦૬ |
| ૨ | મગફળી | ૧૦૩૦ | ૧૩૭૧ |
| ૩ | ઘઉં | ૪૭૧ | ૫૪૧ |
| ૪ | ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ૫ | ધાણા | ૧૧૯૧ | ૧૩૩૧ |
| ૬ | અડદ | ૧૫૯૧ | ૧૫૯૧ |
| ૭ | શીંગદાણા | ૧૪૧૦ | ૧૪૧૦ |

# અમરેલી પીજીવીસીએલનાં ના.કા.ઈ.ની આગેવાનીમાં દામનગર ખાતે ઉર્જા બચત અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો






અમરેલી ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર કાલાણી અમરેલી પીજીવિસીએલની આગેવાનીમાં દામનગર શહેર પ્રાથમિક શાળામાં ઉર્જા બચત અને સલમાતીનાં ભાગરૂપે ધોરણ ૫ થી ૮ નાં બાળકોમાં વીજળી ને લગતા ચિત્રો તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. દરેક બાળકોને પ્રોત્સાહિત રૂપે પ્રમાણપત્ર અને ઈનામ વિતરણ કરવામાં આવેલ. કાલાણી દ્વારા બધા બાળકોને વિજળી ની સલામતી રાખવા અને ઉતરાયણ નજીક આવતી હોય વિજળીનાં તારમાં ફસાયેલ પતંગોથી દૂર રહેવાની અને ધ્યાન રાખવાની સમજણ આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ડિવિઝન ઓફિસ સ્ટાફ અને દામનગર સબ ડિવિજનનાં નાયબ ઈજનેર અને સ્ટાફ હાજર રહી આજનો કાર્યકમ પૂર્ણ કરેલ.. પીજીવિસીએલનાં આ કાર્યકમથી શિક્ષકમાં પણ ખુશી થયેલ.

# ચલાલા : હામાપુર ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાનાં વિજ્ઞાન મેળામાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય પ્રથમ નંબરે



ચલાલા-યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય દ્વારા શિક્ષણ સાથે બાળકોનાં સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. જેમાં કૃતિ તૈયાર કરી શિક્ષક અરવિંદભાઈ સોલંકીનાં માર્ગદર્શન હેઠળ શ્લોક મહેતા, પલ ગજજર દ્વારા જીલ્લા કક્ષાનાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૩-૨૪માં ભાગ લીધો હતો. આ કૃતિ નિહાળવા માટે જીલ્લા કલેકટર, જીલ્લા શિક્ષણ અધિકારી, પ્રાથમિક જીલ્લા શિક્ષણ અધિકારી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. જેમાં આ કૃતિ તાલુકા અને જીલ્લામાં પ્રથમ નંબર મેળવી આગામી તા. ૨૧/૨૨માં લીલીયા મુકામે ઝોન કક્ષાએ જશે. આ કૃતિ, વિદ્યાર્થી અને શિક્ષક વધુ ઉચ્ચકક્ષાએ પહોંચે. તેવા આશીર્વાદ સંસ્થાનાં વડા પૂ.રતિદાદાએ આપ્યા હતા. વિજ્ઞાન મેળામાં નંબર આવતા બાળકોને સંસ્થાનાં ડાયરેકટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા સ્ટાફ ગણે અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓએ ગાયત્રી સંસ્કાર વિદ્યાલય અને સમગ્ર વિસ્તારનું ગૌરવ વધાર્યું. તે બદલ ખુબ ખુબ અભિનંદન.

### ૩૦ મિનિટ નિયમિત ધ્યાન કરવાથી આધ્યાત્મક ઉન્નતિ થઈ શકે

## અમરેલીમાં આગામી ૧૯ થી ૨૬ ડીસે.સુધી હિમાલય ધ્યાનયોગ મહાશિબિરનું જીવંત પ્રસારણ


### ચાઈલ્ડ કેર સ્કુલ ખાતે સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૬

આજના હરિફાઈનાં યુગમાં વ્યકિત બાળપણથી જ તણાવમાં રહે છે. પ્રત્યેક મનુષ્ય અલગ-અલગ કારણોથી દુઃખી રહે છે. અને એ દુઃખને દુર કરવાનાં ઉપાય બહાર શૌધે છે, જયારે ıકે દુઃખ દુર કરવાનો ઉપાય બહાર નહી, પોતાની અંદર જ છે. હિમાલયનાં મહર્ષિ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ સમગ્ર વિશ્વના લોકોને ધ્યાન કરાવીને આત્મશાંતિનો માર્ગ બતાવ્યો છે. આ ધ્યાનનો સરળ અને અનુભૂતિ પ્રદાન સંસ્કાર છે. જેને દરરોજ ૩૦ મિનિટ ધ્યાન કરીને લોકો જીવનમાં સર્વાંગીણ વિકાસ કરી શકે છે.

આ એક પવિત્ર આત્મા દ્વારા એક પવિત્ર આત્મા પર કરવામાં આવેલા સંસ્કાર છે. જેને અપનાવીને કોઈપણ મનુષ્ય સુરક્ષા અને આત્મશાંતિની અનુભૂતિ મેળવી શકે છે. હિમાલયના મહર્ષિ પરમ પુજય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાંનિધ્યમાં નાગપુરમાં હિમાલાયન ધ્યાનયોગ મહાશિબિરનું આયોજન તા.૧૯ થી ૨૬ ડિસેમ્બરના રોજ સાંજે ૫ થી ૮:૩૦ સુધી રેશિમબાગ મેદાન, નાગપુરમાં થવા જઈ રહયું છે. આ શિબિરમાં જાતિ, વર્ણ, ભાષા, દેશ કે લિંગનાં ભેદથી પર કોઈપણ વ્યકિત ભાગ લઈ શકે છે. આ શિબિર સંપુર્ણ નિશુલ્ક છે.

પુજય શ્રી શિવકૃપાનંદ



સ્વામીજી કહે છે કે આજનાં આધુનિક વાતાવરણમાં જયાં ચિત્તને ભ્રમિત કરનારા ઘણાંબધા ઉપકરણ અને માધ્યમ હાજર છે. એવામાં એક સામાન્યા મનુષ્ય નિયમિત ધ્યાન કરીને પોતાની આધ્યાત્મિક અને સર્વાંગીણ ઉન્નતિ કરી શકે છે.

હિમાલયનું ધ્યાન એક સંસ્કાર છે, જેમાં કોઈ પણ પ્રકારની શારીરિક ગતિવિધિઓ કે અન્ય જટિલ તકનીકો સામેલ નથી. આ સરળ અને અનુભૂતિ પ્રદાન માર્ગ છે. નિયમિતરૂપે ૩૦ મિનિટનું ધ્યાન કરો, નિયમિત ધ્યાનથી આપની દુનિયા બદાઈ શકે છે. આમ કરશો તો આપનું ચિત મજબુત થશે, શુદ્ધ થશે. આપ દુનિયાનાં દરેક વ્યકિતને બદલી નહી શકો, પણ ધ્યાન કરીને પોતાને ıબદલી શકો છો.

આ ૮૦૦ વર્ષ જુના ધ્યાનનાં સંસ્કાર છે, જેને પુજય સ્વામીજી સમાજમાં લાગ્યા છે. આજે વિશ્વભરમાં લાખો લોકો આ ધ્યાનપદ્ધતિથી જોડાઈને આત્મઉન્નતિના માર્ગ પર ચાલી રહયા છે. શારીરિક, માનસિક, આધ્યાત્મિક એન સામાજિક બદલવા આવે છે. ધ્યાન કરવાથી સકારાત્મક ઉર્જાનું આભામંડળ અને સુરક્ષાકવચ પ્રાપ્ત થાય છે. સકારાત્મક ઉર્જા સ્વાસ્થ્ય અને માનસિક સંતુલન લાવે છે. ધ્યાનમાં માધ્યમથી વિદ્યાર્થીઓ અને યુવાઓમાં આત્મવિશ્વાસ વધે છે. રચનાત્મક શકિતનો વિકાસ થાય છે અને સફળતા મળે છે. પુજય સ્વામીજીના સાક્ષાત સાંનિધ્યમાં ઉર્જાની અનુભૂતિ પ્રદાન કરનારી આ શિબિર અલૌકિક અને આત્મસાક્ષાત્કાર કરવાનારી સાબિત થઈ શકે છે. આઠ દિવસની આ શિબીરનું ગુરૂતત્વ નામની youtube ચેનલ પર પણ સીધું પ્રસારણ કરવામાં આવશે. આથી ઘરે બેસીને પણ વિશ્વભરના લોકો આ શિબિર સાથે જોડાઈ શકશે. સાથે સાથે આ શિબિરમાં દેશ-વિદેશનાıı હજારો લોકો ઉપસ્થિત રહેશે. જેની તૈયારી સ્વરૂપે અત્યારે નાગપુરમાં ૧૫૦૦ થી પણ વધારે ગુરૂતત્વના સ્વયંસેવકો કાર્ય કરી રહયા છે. ગુરૂતત્વ તરફથી આ બહુ લાભકારી ıઅને સરળ, સહજ ધ્યાન શિબિરમાં સામેલ થવા માટે પ્રત્યેક મનુષ્યને હાર્દિક નિમંત્રણ છે. શિબિરમાં આવો અને પોતે જ અનુભવ કરો.

### ધારાસભ્ય કાકડીયાએ કર્યુ ભૂમિપૂજન

## ખાંભા-પીપળવા માર્ગ ઉપર રૂપિયા ૧૫ લાખનાં ખર્ચે ચેકડેમ બનશે

### સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યાં



ખાંભા, તા. ૧૬

ખાંભા પીપળવા રોડ ઉપર આવેલ હાથીયા ડુંગર પાસે ખાંભા જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી રૂપિયા ૧૫ લાખનાં ચેકડેમનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ.

આ તકે ધારાસભ્ય જે.વી. કાકડીયા, જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદભાઈ ચાવડા, નિવૃત તાલુકા વિકાસ અધિકારી જે.વી.ભટ્ટ, તાલુકા પંચાયત પ્રમુખ ભીખાભાઈ સરવૈયા, ઉપપ્રમુખ હમીરભાઈ ભરવાડ, તાલુકા પંચાયત સદસ્ય કૌશિકભાઈ માણલકીયા તેમજ ભારતીય જનતા પાર્ટી સંગઠનના જવાબદાર આગેવાનો આનંદભાઈ ભટ્ટ, રાજુભાઈ હરિયાણી, ધ્રુવભાઈ જોશી, જગદીશભાઈ ગોસ્વામી, ભગત ભાઈ ભમ્મર, રસિકભાઈ ભંડેરી, શાંતિભાઈ ઠુંમર, દેવશીભાઈ વાઢેર તેમજ અધિકારી ચૌહાણ, અક્ષયભાઈ ડોડીયા, અને આ વિસ્તારના ખેડૂતો મયુરભાઈ માંડવીયા, જગદીશભાઈ ચાવડા, નરેશભાઈ ઘોઘારી, જીગ્નેશભાઈ કલસરિયા, દાનબાપુ તેમજ હાર્દિકભાઈ પંડયા દર્શનભાઈજોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રી મહેશ દાદા વ્યાસે વિધિપૂર્વક ખાતમુહૂર્ત કરાવેલ હતું. આ ચેક ડેમથી આ વિસ્તારના અનેક ખેડૂત મિત્રોને સિંચાઈ (પિયત)માં ફાયદો થશે.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭



અમરેલી એક્સપ્રેસ

૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના

હરહંમેશ... સેવાકીય પ્રવૃતિઓને... પ્રોત્સાહીત કરનાર ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકના

૧૫માં વર્ષના મંગલ પ્રારંભે

તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એક્સપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

: શુભેચ્છક :

શ્રી મહેન્દ્રભાઈ જોષી - પ્રમુખ
શ્રી ગોવિંદભાઈ ગોંડલીયા - ઉપપ્રમુખ
શ્રી ગોરધનભાઈ સુરાણી - મંત્રી
શ્રી હસુભાઈ જોષી - ખજાનચી
શ્રી મહેન્દ્રભાઈ શુકલ - સદસ્યશ્રી
શ્રી સોનલબેન ત્રિવેદી - સદસ્યશ્રી

લોકસાહિત્ય સેતુ પરિવાર - અમરેલી


## લીલીયા મોટા ખાતે પાણી - પુરવઠા યોજનાની લાઈન માટે તોડવામાં આવેલ માર્ગ બનાવવા માંગ



લીલીયા મોટા, તા.૧૬, લીલીયા મોટા ખાતે પાણી યોજના પાઈપ લાઈનના કામ માટો તોડવામાં આવેલ સી.સી.રોડ બનાવવામાં દે ધનાધન લીલીયા મોટા ખાતે છેલ્લા ઘણા મહિનાથી ભુગર્ભ પાણીની લાઈનોનું કામ ચાલુ હોય અને પાણીની લાઈનો નાખવા માટો સી.સી.રોડ તેમજ બ્લોક રોડને તોડવામાં આવેલ હોય જે કામ પાણી યોજનાના કોન્ટ્રાકટરને કરવાનું હોય ત્યારે કોન્ટ્રાકટર દ્વારા નીતિ નિયમો નેવે મુકીને બે ફામ કામમાં ગેરરિતી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. અને હાલ જ વિવેકાનંદ સોસાયટીમાં ચાલતું કામ ત્યાનાં સ્થાનિકો દ્વારા અટકાવવામાં આવેલ છે અને ખુલ્લે આમ થતા ભ્રષ્ટાચારને ત્યાંના સ્થાનિક અગ્રણી આગેવાન અને તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના પુર્વ પ્રમુખ દ્વારા નબળા કામનો વિરોધ કરવામાં આવેલ છે. લુંટોભાઈ લુંટોની નીતિ સામે લોકો થયા જાગૃત આવનાર દિવસોમાં જો આજ પરિસ્થિતિ રહેશે તો લોકોની સગવડતાને બદલે અગવડતા ઉભી થવાનો જાય લીલીયાની જનતા સેવી રહી છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.


પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રમેશભાઈ અરજણભાઈ ડુંગરિયા

સ્વ.તા.૧૭-૧૨-૨૦૨૨, શનિવાર.

મુ. લીલીયા મોટા.

સારા કર્મોની સુવાસ સદાય સાથે રહેશે, મીઠી વાણી સદાય યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.

ગં.સ્વ. ગોદાવરીબેન અરજણભાઇ ડુંગરીયા

વિઠ્ઠલભાઇ અરજણભાઇ ડુંગરીયા
કાંતીભાઇ અરજણભાઇ ડુંગરીયા
રસિકભાઇ અરજણભાઈ ડુંગરીયા
નિતીનભાઈ રમેશભાઇ ડુંગરીયા
મહેશભાઇ રમેશભાઇ ડુંગરીયા
સતીષભાઇ રમેશભાઇ ડુંગરીયા
વિશાલભાઇ કાંતીભાઇ ડુંગરીયા
કૌશિકભાઇ રસિકભાઇ ડુંગરીયા
યુવરાજભાઇ રસિકભાઇ ડુંગરીયા
લાભુબેન રમેશભાઈ ડુંગરીયા
ભાનુબેન કાંતિભાઈ ડુંગરીયા
કૈલાશબેન રસિકભાઈ ડુંગરીયા
ગીતાબેન નીતિનભાઈ ડુંગરીયા
કાજલબેન મહેશભાઈ ડુંગરીયા
આશાબેન વિશાલભાઈ ડુંગરીયા
કોમલબેન સતિષભાઈ ડુંગરીયા
સરિતાબેન કૌશિકભાઈ ડુંગરીયા
ઋત્વી રસિકભાઈ ડુંગરિયા
કૃણાલ નીતિનભાઈ ડુંગરીયા
નક્ષ મહેશભાઈ ડુંગરીયા
જલક નીતિનભાઈ ડુંગરીયા
મિવાંશ વિશાલભાઈ ડુંગરીયા
જિયાંશ મહેશભાઈ ડુંગરીયા
સાત્વિક સતીશભાઈ ડુંગરીયા
મનિષાબેન ભીખુભાઇ પરમાર-બેન, બનેવી.
શિલ્પાબેન અરવિંદભાઈ થળેસા-બેન, બનેવી.
જલ્પાબેન નિકુંજભાઈ પરમાર-બેન, બનેવી.
હિરલબેન કલ્પેશભાઈ વાઘેલા-બેન, બનેવી.

લીલીયા મોટા


## અમરેલી જિલ્લાનાં કોંગી આગેવાનોએ ડો. જસાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

અમરેલી, તા. ૧૬

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી તથા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત દ્વારા ડો. જસાણી સાહેબને શ્રદ્ધાંજલિ.

અમરેલી જિલ્લાના ધારીને પોતાની કર્મભૂમ બનાવીને જીવનના અંત સુધી લોકસેવક બનીને પ્રજાના કલ્યાણના કાર્ય કરી લોક હૃદયમાં પોતાનું સ્થાન બનાવીને સમગ્ર અમરેલી જિલ્લાનું એક આદર્શ વ્યક્તિત્વ એવા ડો. જયસુખભાઈ જસાણીનું ૯૧ વર્ષની વયે નિધન તથા જિલ્લાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

ડોકટરના વ્યવસાય સાથે સંકળાયેલ ડો.જસાણી એક મૂલ્ય નિષ્ઠ સમાજ સેવી, ગાંધીવાદી વિચારસરણીને વરેલા નિષ્ઠાવાન રાજકારણી સાથે ગરીબો અને પછાતોના બેલી હતા.

અમરેલી જિલ્લા પંચાયતમાં સતત ૧૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી અલગ અલગ સામાજિક, શૈક્ષણિક તથા સહકારી સંસ્થાઓ સાથે તેઓ આજીવન જોડાયેલ હતા.

આવા એક વિરલ વ્યકિતની અચાનક વિદાય થતા જિલ્લાને ન પુરાય તેવી ખોટ પડી છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડી.કે.રૈયાણી તથા સાવરકુંડલા-લીલીયાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત સહિત કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા તેમના કાર્યોની નોંધ લઈ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવેલ હતી.

# બાબરા ખાતે વિહિપ દ્વારા અયોધ્યાનાં રામમંદિર પ્રતિષ્ઠા મહોત્સવને લઈને બેઠક યોજાઈ



બાબરામાં આવેલ તાપડિયા આશ્રમ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને રામભકતો, દરેક ધાર્મિક સામાજિક સંગઠનો તેમજ દરેક મંદિરોનાં પૂજારીઓ અને દરેક જ્ઞાતિનાં અગ્રણીઓ અને અને મોટી સંખ્યામાં હિન્દુ સમાજનાં ભાઈઓ મિટિંગમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આગામી દિવસોમાં માં અયોધ્યા ખાતે થઈ રહેલ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી અનુસંધાને મીટીંગ કરવામાં આવી હતી. આગામી દિવસોમાં બાબરા તેમજ તાલુકાના ગામોમાં કઈ રીતે ઉજવણી કરવી. એવી બાબતોને લઈને ચર્ચાઓ કરવામાં આવી હતી. મીટીંગમાં મોટી સંખ્યામાં શહેર તેમજ તાલુકાએથી મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. તાપડિયા આશ્રમનાં મહંત પરમ પૂજય ઘનશ્યામદાસ બાપુએ મીટીંગમાં ઊપસ્થિત રહીને તમામને આશીર્વાદ આપ્યાં હતાં.

